:: **૨૮.૧૨.૨૦૨૨** ::

## જાતિ પ્રમાણપત્રો માન્ય થઇ આવેલ છે તેવા ST ઉમેદવારની પસંદગી યાદી જાહેર કરવા બાબત.

લોકરક્ષક ભરતીની તા.૨૫.૧૦.૨૦૨૨ના રોજ કુલ-૯૮૧૦ ઉમેદવારોની પસંદગી યાદી જાહેર કરવામાં આવેલ. જેમાં જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી હતી તેવા પોતાની કેટેગીરીમાં પસંદગી પામતા હોય તેવા કુલ-૬૪૯ ઉમેદવારોનું પરિણામ જાહેર કરવામાં આવેલ ન હતું. જે પૈકી સબંધિત વિભાગ તરફથી જાતિ પ્રમાણપત્રોની તબક્કાવાર મળેલ માહિતી મુજબ કુલ-૫૦૨ ઉમેદવારોની પસંદગી યાદી જાહેર કરવામાં આવેલ. બાકી રહેતા કુલ-૧૪૭ ઉમેદવારો પૈકી નીચે મુજબ એક ઉમેદવારનું જાતિ પ્રમાણપત્ર માન્ય થઇ આવેલ હોઇ, પસંદગી યાદીમાં સમાવેશ કરી, આગળની કાર્યવાહી સારૂ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી તરફ મોકલી આપવામાં આવેલ છે. જેથી હવે પછીની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે.

પસંદગી યાદીમાં સમાવેશ થયેલ એક ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો... (/Downloads/Website_Final Result_1_Dt_28122022.pdf)

---

:: **૨૭.૧૨.૨૦૨૨** ::

## જાતિ પ્રમાણપત્રો માન્ય થઇ આવેલ છે તેવા ST અને SEBC ઉમેદવારોની પસંદગી યાદી જાહેર કરવા બાબત.

લોકરક્ષક ભરતીની તા.૨૫.૧૦.૨૦૨૨ના રોજ કુલ-૯૮૧૦ ઉમેદવારોની પસંદગી યાદી જાહેર કરવામાં આવેલ. જેમાં જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી હતી તેવા પોતાની કેટેગીરીમાં પસંદગી પામતા હોય તેવા કુલ-૬૪૯ ઉમેદવારોનું પરિણામ જાહેર કરવામાં આવેલ ન હતું. જે પૈકી સબંધિત વિભાગ તરફથી જાતિ પ્રમાણપત્રોની તબક્કાવાર મળેલ માહિતી મુજબ કુલ-૪૯૪ ઉમેદવારોની પસંદગી યાદી જાહેર કરવામાં આવેલ. બાકી રહેતા કુલ-૧૫૫ ઉમેદવારો પૈકી નીચે મુજબ કુલ-૮ ઉમેદવારોના જાતિ પ્રમાણપત્ર માન્ય થઇ આવેલ હોઇ, પસંદગી યાદીમાં સમાવેશ કરી, આગળની કાર્યવાહી સારૂ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી તરફ મોકલી આપવામાં આવેલ છે. જેથી હવે પછીની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે.

પસંદગી યાદીમાં સમાવેશ થયેલ કુલ-૮ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો... (/Downloads/Website_Final Result_8_Dt_27122022.pdf)

---

:: **તા.૧૪.૧૨.૨૦૨૨** ::

## <u>તા. ૦૨.૧૧.૨૦૨૨ બાદ જાતિ પ્રમાણપત્રો માન્ય થઇ આવેલ છે તેની તારીખવાઈઝ વિગત</u>

| અ.નં. | જાતિ પ્રમાણપત્ર માન્ય થઇ આવેલ તારીખ | કેટેગીરી | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૦૮.૧૧.૨૦૨૨ | ST | ૬૮ |
| | | SEBC | ૧ |
| ૨ | ૧૧.૧૧.૨૦૨૨ | ST | ૫૭ |
| ૩ | ૨૩.૧૧.૨૦૨૨ | ST | ૪૭ |
| ૪ | ૨૪.૧૧.૨૦૨૨ | ST | ૬ |
| ૫ | ૨૯.૧૧.૨૦૨૨ | ST | ૮ |
| ૬ | ૦૩.૧૨.૨૦૨૨ | SEBC | ૬ |
| ૭ | ૦૮.૧૨.૨૦૨૨ | ST | ૫ |
| ૮ | ૦૯.૧૨.૨૦૨૨ | ST | ૯ |
| | | કુલ સંખ્યા | ૨૦૭ |

---

:: **તા.૧૧.૧૨.૨૦૨૨** ::

## <u>જાતિ પ્રમાણપત્રો માન્ય થઇ આવેલ છે તેવા ST અને SEBC ઉમેદવારોની પસંદગી યાદી જાહેર કરવા બાબત.</u>

લોકરક્ષક ભરતીની આખરી પસંદગી યાદી તા.૨૫.૧૦.૨૦૨૨, તા.૨૮.૧૦.૨૦૨૨, તા.૩૦.૧૦.૨૦૨૨ તથા તા.૦૨.૧૧.૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ. જેમાં જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી હતી તેવા પોતાની કેટેગીરીમાં પસંદગી પામતા ઉમેદવારોનું પરિણામ જાહેર કરવામાં આવેલ ન હતું.

પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી હોવાના કારણે આખરી પસંદગી યાદીમાં સમાવેશ કરેલ નહોતો તેવા ૩૬૨ ઉમેદવારો પૈકી જે ઉમેદવારોના જાતિના પ્રમાણપત્રની ચકાસણી/ખરાઇ થઇ આવેલ હતી તેવા કુલ ૨૦૭ ઉમેદવારોનો આખરી પસંદગી યાદીમાં સમાવેશ કરી આગળની કાર્યવાહી સારૂ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી તરફ મોકલી આપેલ હતી. પરંતુ ચૂંટણી આચારસંહિતાને ધ્યાને રાખી વેબસાઇટ ઉપર જાહેર કરેલ નથી તેવા નીચેની લીંકમાં જણાવ્યા મુજબના ઉમેદવારોનો આખરી પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

આ અંગે હવે પછીની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે.

તા.૦૨.૧૧.૨૦૨૨ બાદ આખરી પસંદગી યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો...

(/Downloads/Website_Final Result_11122022.pdf)

---

:: **તા.૦૮.૧૧.૨૦૨૨** ::

## જાતિ પ્રમાણપત્રની ચકાસણી / જીલ્લા ફાળવણી કરવા બાબત.

લોકરક્ષક ભરતીની આખરી પસંદગી યાદી તા.૨૫.૧૦.૨૦૨૨, તા.૨૮.૧૦.૨૦૨૨, તા.૩૦.૧૦.૨૦૨૨ તથા તા.૦૨.૧૧.૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ. જેમાં જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી હતી તેવા પોતાની કેટેગીરીમાં પસંદગી પામતા ઉમેદવારોનું પરિણામ જાહેર કરવામાં આવેલ ન હતું.

જાતિના પ્રમાણપત્રની ચકાસણી/ખરાઇ થઇ આવેલ ન હોવાના કારણે બાકી રહેલ ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો સંબંધિત વિભાગ તરફથી જેમ જેમ ચકાસણી/ખરાઇ થઇ આવશે તેમ તેમ તે ઉમેદવારોની યાદી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર તરફ આગળની કાર્યવાહી સારૂ મોકલી આપવામાં આવશે. હાલમાં ચાલી રહેલ ચૂંટણી આચાર સંહિતાને ધ્યાને લઇ, આ અંગેની વિગતો વેબસાઇટ ઉપર જાહેર કરવામાં આવશે નહીં. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

વધુમાં ઉમેદવારોને જણાવવાનું કે, પરિણામ જાહેર કરી ડી.જી.પી.શ્રીની કચેરીને મોકલ્યા બાદ આગળની કાર્યવાહી તે કચેરી ધ્વારા કરવાની થતી હોઇ તે અંગેની માહિતી બોર્ડ ધ્વારા આપી શકાશે નહીં.

---

:: **તા.૦૨.૧૧.૨૦૨૨** ::

## ST ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો માન્ય થઇ આવેલ છે તેની પસંદગી યાદી જાહેર કરવા બાબત.

લોકરક્ષક ભરતીની આખરી પસંદગી યાદી તા.૨૫.૧૦.૨૦૨૨, તા.૨૮.૧૦.૨૦૨૨ તથા તા.૩૦.૧૦.૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ. જેમાં જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી હતી તેવા પોતાની કેટેગીરીમાં પસંદગી પામતા ઉમેદવારોનું પરિણામ જાહેર કરવામાં આવેલ ન હતું.

જાતિના પ્રમાણપત્રની ચકાસણી/ખરાઇ થઇ આવેલ ન હોવાના કારણે બાકી રહેલ ઉમેદવારો પૈકી અનુસૂચિત જનજાતિ (ST)ના કુલ-૨૨૫ ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો આખરી પરિણામ જાહેર થયા બાદ માન્ય થઇ આવેલ છે. જે પૈકી કુલ-૧૬૭ ઉમેદવારોનો આખરી પસંદગી યાદીમાં સમાવેશ થાય છે. આ અંગે હવે પછીની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે.

પસંદગી યાદીમાં સમાવેશ થયેલ ૧૬૭ ST ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો... (/Downloads/Final Result of ST_167 out of 649 Dt_02112022.pdf)

---

:: **તા.૩૦.૧૦.૨૦૨૨** ::

## આખરી પસંદગી યાદીમાં સમાવેશ કરવા બાબત

લોકરક્ષક ભરતીની આખરી પસંદગી યાદી તા.૨૫.૧૦.૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ. જેમાં જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી હતી તેવા કુલ-૬૪૯ ઉમેદવારોનું પરિણામ જાહેર કરવામાં આવેલ ન હતું. તે પૈકી,

(૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ(SEBC)ના કુલ-૨૭ ઉમેદવારોના જાતિના પ્રમાણપત્રો આખરી પરિણામ જાહેર થયા બાદ માન્ય થઇ આવેલ છે. જે પૈકી નીચે જણાવ્યા મુજબ કુલ-૨૪ ઉમેદવારોનો પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) અનુસૂચિત જનજાતિ (ST)ના કુલ-૨ ઉમેદવારોના જાતિના પ્રમાણપત્રો આખરી પરિણામ જાહેર થયા બાદ માન્ય થઇ આવેલ છે. જેમનો નીચે જણાવ્યા મુજબ પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) અનામત જાતિ પૈકી SEBC, ST તથા SCના જે ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો વેરીફાઇ/ખરાઇ થઇ આવેલ નથી પરંતુ, જનરલ તરીકે પસંદગી પામતા હોય તેવા કુલ-૧૯ ઉમેદવારોનો નીચે જણાવ્યા મુજબ પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉમેદવારોના જાતિ પ્રમાણપત્ર જે તે વિભાગ તરફથી માન્ય/અમાન્ય થઇ આવ્યેથી તેની મુળ કેટેગીરી નક્કી કરવામાં આવશે.

હવે પછીની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે.

- પસંદગી યાદીમાં સમાવેશ થયેલ ૨૪ SEBC ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો... (/Downloads/1_SEBC_Dt_30102022.pdf)
- પસંદગી યાદીમાં સમાવેશ થયેલ ૨ ST ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો... (/Downloads/2_ST_Dt_30102022.pdf)
- પસંદગી યાદીમાં જનરલ તરીકે સમાવેશ થયેલ અનામત જાતિના ૧૯ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો... (/Downloads/3_Gen_Dt_30102022.pdf)

---

**:: તા.૨૮.૧૦.૨૦૨૨ ::**

## ST ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો માન્ય થઇ આવેલ છે તેની પસંદગી યાદી જાહેર કરવા બાબત.

લોકરક્ષક ભરતીની આખરી પસંદગી યાદી તા.૨૫.૧૦.૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ. જેમાં જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી હતી તેવા કુલ-૬૪૯ ઉમેદવારોનું પરિણામ જાહેર કરવામાં આવેલ ન હતું.

કુલ-૬૪૯ ઉમેદવારો પૈકી અનુસૂચિત જનજાતિ (ST)ના કુલ-૯૧ ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો આખરી પરિણામ જાહેર થયા બાદ માન્ય થઇ આવેલ છે. જે પૈકી કુલ-૭૫ ઉમેદવારોનો આખરી પસંદગી યાદીમાં સમાવેશ થાય છે. હવે પછીની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે.

પસંદગી યાદીમાં સમાવેશ થયેલ ૭૫ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો... (/Downloads/Final Result of ST_75 out of 649 Dt_28102022.pdf)

---

**:: તા. ૨૫.૧૦.૨૦૨૨ ::**

## લોકરક્ષક ભરતીની આખરી પસંદગી યાદી જાહેર કરવા બાબત.

લોકરક્ષક ભરતીની કામચલાઉ યાદી તા.૦૪.૧૦.૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ. કામચલાઉ યાદી સંબંધે ઉમેદવારો તરફથી મળેલ વાંધા/રજૂઆતોને ધ્યાને લઇ તા.૦૪.૧૦.૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ કામચલાઉ યાદીની વિગતોમાં નીચે મુજબ સુધારા કરવામાં આવેલ છે.

(૧) દસ્તાવેજ ચકાસણીના બેઠક નંબર નં.૨૦૦૧૮૮૧૩નાઓને જનરલના બદલે STમાં ગણવામાં આવેલ છે.

(૨) દસ્તાવેજ ચકાસણીના બેઠક નં. (૧) 20018414 (૨) 20018185 (૩) 20019003 (૪) 20020510 (૫) 20018431 અને (૬) 20004781 નીચે મુજબના ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરેલ NCC – 'C' સર્ટીફીકેટ માન્ય ગણી વધારાના બે ગુણ આપવામાં આવેલ છે.

(૩) દસ્તાવેજ ચકાસણીના બેઠક નં. (૧) 20008176 (૨) 20005624 નાઓએ દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરેલ રમતગમત અંગેના પ્રમાણપત્રને માન્ય ગણેલ હોય, લેખિત કસોટીના ૫% વધારાના ગુણ આપવામાં આવેલ છે.

(૪) નીચે મુજબના ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી સમયે એનેક્ષર-૪માં દર્શાવેલ પ્રેફરન્સ અને તા.૦૪.૧૦.૨૦૨૨ની યાદીમાં જાહેર કરેલ પ્રેફરન્સમાં ફેરફાર જણાયેલ. જેથી ઉમેદવારે દસ્તાવેજ ચકાસણી સમયે એનેક્ષર-૪ માં દર્શાવેલ પ્રેફરન્સ મુજબ સુધારા કરવામાં આવેલ છે.

| DV Roll No. | Pref. in Prov. List | Pref. in Annex-4 |
|---|---|---|
| 20000973 | SRP-APC-UPC | SRP-UPC-APC |
| 20010429 | UPC-SRP-APC | UPC-APC-SRP |
| 20010628 | UPC-SRP-APC | UPC-APC-SRP |
| 20010678 | SRP-UPC-APC | UPC-APC-SRP |
| 20018037 | UPC-SRP-APC | UPC-APC-SRP |
| 20010005 | UPC-APC-SRP | UPC-SRP-APC |
| 20018037 | UPC-SRP-APC | UPC-APC-SRP |
| 20010429 | UPC-SRP-APC | UPC-APC-SRP |
| 20010628 | UPC-SRP-APC | UPC-APC-SRP |
| 20010678 | SRP-UPC-APC | UPC-APC-SRP |
| 20010717 | UPC-APC-SRP | UPC-SRP-APC |
| 20017971 | UPC-APC-SRP | UPC-SRP-APC |
| 20018031 | UPC-APC-SRP | UPC-SRP-APC |
| 20010676 | UPC-APC-SRP | SRP-UPC-APC |
| 20008524 | UPC-APC-SRP | APC-UPC-SRP |
| 20008565 | UPC-APC-SRP | SRP-APC-UPC |
| 20010424 | UPC-APC-SRP | UPC-SRP-APC |
| 20005299 | UPC-APC-SRP | UPC-SRP-APC |

| | | |
|---|---|---|
| 20005627 | UPC-APC-SRP | SRP-APC-UPC |
| 20000535 | UPC-APC-SRP | UPC-SRP-APC |
| 20000547 | UPC-APC-SRP | APC-UPC-SRP |
| 20000973 | SRP-APC-UPC | SRP-UPC-APC |
| 20018797 | UPC-APC-SRP | UPC-SRP-APC |
| 20000717 | UPC-APC-SRP | UPC-SRP-APC |

ગુજરાત સરકારશ્રીના ઠરાવ THE GUJARAT SCHEDULED CASTES, SCHEDULED TRIBES AND OTHER BACKWARD CLASSES (REGULATION OF ISSUANCE AND VERIFICATION OF CASTE CERTIFICATES) ACT, 2018 મુજબ SC/ST/SEBC ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રમાં SC અને SEBC ઉમેદવારોના કિસ્સામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ST ઉમેદવારોના કિસ્સામાં આદિજાતિ વિભાગ ધ્વારા વેરીફીકેશન કરવાનું રહે છે.

અનામત જાતિના ઉમેદવારો પૈકી SC, ST, SEBC ઉમેદવારો પૈકીના નીચે મુજબના ઉમેદવારોના જાતિના પ્રમાણપત્ર જે તે વિભાગ ધ્વારા વેરીફાય કરવાના બાકી છે. જેથી તેટલા ઉમેદવારોનું પરિણામ હાલ બહાર પાડવામાં આવેલ નથી.

SC - ૦૩

ST - ૫૮૯

SEBC - ૫૭

જે પૈકી ૩૬ ઉમેદવારોની પસંદગી જનરલ કેટેગરીમાં થયેલ છે.

આ તમામ ઉમેદવારોનું પરિણામ તેઓના જાતિના પ્રમાણપત્રો વેરીફાય થયા બાદ બહાર પાડવામાં આવશે.

હાલ જુદી જુદી કેટેકેટેગરીના તથા જુદા જુદા સંવર્ગમાં કેટલા ઉમેદવારોનું પરિણામ બહાર પાડવામાં આવેલ છે અને કેટલા ઉમેદવારોનું પરિણામ બહાર પાડવાનું બાકી રહેલ છે, તેની સંખ્યા નીચે મુજબ છે.

| અ. નં. | કેટેગીરી | માંગણા પત્રક મુજબ ખાલી જગ્યા | આખરી પસંદગી યાદીમાં સમાવેશ થયેલ સંખ્યા | જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી બાકી છે અને પસંદગી યાદીમાં સમાવેશ કરેલ નથી તેવી સંખ્યા |
|---|---|---|---|---|
| **બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-લોકરક્ષક** | | | | |
| ૧ | બિન અનામત- પુરૂષ | ૧૪૭૩ | ૧૪૫૮ | ૧૫ (SEBC-૧૩, ST-૨) |
| ૨ | બિન અનામત- મહિલા | ૭૨૬ | ૭૧૭ | ૯ (SEBC-૨, ST-૭) |
| ૩ | અનુસૂચિત જાતિ- પુરૂષ | ૨૩૯ | ૨૩૮ | ૧ |
| ૪ | અનુસૂચિત જાતિ- મહિલા | ૧૧૮ | ૧૧૮ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | અનુસૂચિત જન જાતિ- પુરૂષ | ૫૨૪ | ૩૩૫ | ૧૮૯ |
| ૬ | અનુસૂચિત જન જાતિ- મહિલા | ૨૫૮ | ૧૬૭ | ૯૧ |
| ૭ | સા.શૈ.પ.વર્ગ – પુરૂષ | ૮૮૮ | ૮૮૧ | ૭ |
| ૮ | સા.શૈ.પ.વર્ગ – મહિલા | ૪૩૭ | ૪૩૩ | ૪ |
| ૯ | આથિક રીતે નબળા વર્ગ-પુરૂષ | ૩૬૮ | ૩૬૮ | ૦ |
| ૧૦ | આથિક રીતે નબળા વર્ગ-મહિલા | ૧૮૧ | ૧૮૧ | ૦ |
| **હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-લોકરક્ષક** | | | | |
| ૧ | બિન અનામત પુરૂષ | ૩૦૪ | ૩૦૨ | ૨ (SEBC) |
| ૨ | બિન અનામત- મહિલા | ૧૪૯ | ૧૪૮ | ૧ (SEBC) |
| ૩ | અનુસૂચિત જાતિ- પુરૂષ | ૨૭ | ૨૭ | ૦ |
| ૪ | અનુસૂચિત જાતિ- મહિલા | ૧૩ | ૧૩ | ૦ |
| ૫ | અનુસૂચિત જન જાતિ- પુરૂષ | ૮૦ | ૪૮ | ૩૨ |
| ૬ | અનુસૂચિત જન જાતિ- મહિલા | ૩૯ | ૧૯ | ૨૦ |
| ૭ | સા.શૈ.પ.વર્ગ - પુરૂષ | ૩૩ | ૩૩ | ૦ |
| ૮ | સા.શૈ.પ.વર્ગ - મહિલા | ૧૭ | ૧૭ | ૦ |
| ૯ | આથિક રીતે નબળા વર્ગ-પુરૂષ | ૯૦ | ૯૦ | ૦ |
| ૧૦ | આથિક રીતે નબળા વર્ગ-મહિલા | ૪૫ | ૪૫ | ૦ |
| **એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ** | | | | |
| ૧ | બિન અનામત પુરૂષ | ૧૮૨૬ | ૧૮૧૭ | ૯ (SEBC) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | અનુસૂચિત જાતિ- પુરૂષ | ૩૧૧ | ૩૦૯ | ૨ |
| ૩ | અનુસૂચિત જન જાતિ- પુરૂષ | ૬૬૭ | ૪૧૦ | ૨૫૭ |
| ૪ | સા.શૈ.પ.વર્ગ - પુરૂષ | ૧૨૦૧ | ૧૧૯૧ | ૧૦ |
| ૫ | આથિક રીતે નબળા વર્ગ-પુરૂષ | ૪૪૫ | ૪૪૫ | ૦ |
| | કુલ : | ૧૦૪૫૯ | ૯૮૧૦ | ૬૪૯ |

તમામ ૯૮૧૦ ઉમેદવારોના પરિણામ માટે અહીં કલીક કરો. (/Downloads/All_Select_9810.pdf)

જુદી જુદી કેટેગરી તથા જુદા જુદા સંવર્ગની પસંદગી યાદી પણ ઉમેદવારો જોઇ શકે તે માટે નીચે મુજબ મુકવામાં આવે છે.

- બિન હથિયારી લોકરક્ષક જનરલ કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-GENERAL-MALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક જનરલ કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-GENERAL-FEMALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક EWS કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-EWS-MALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક EWS કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-EWS-FEMALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક SEBC કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-SEBC-MALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક SEBC કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-SEBC-FEMALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક SC કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-SC-MALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક SC કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-SC-FEMALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક ST કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-ST-MALE.pdf)
- બિન હથિયારી લોકરક્ષક ST કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કર્લીક કરો... (/Downloads/UPC-ST-FEMALE.pdf)
- હથિયારી લોકરક્ષક જનરલ કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીક કરો... (/Downloads/APC-GENERAL-MALE.pdf)

- હથિયારી લોકરક્ષક જનરલ કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-GENERAL-FEMALE.pdf)
- હથિયારી લોકરક્ષક EWS કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-EWS-MALE.pdf)
- હથિયારી લોકરક્ષક EWS કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-EWS-FEMALE.pdf)
- હથિયારી લોકરક્ષક SEBC કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-SEBC-MALE.pdf)
- હથિયારી લોકરક્ષક SEBC કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-SEBC-FEMALE.pdf)
- હથિયારી લોકરક્ષક SC કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-SC-MALE.pdf)
- હથિયારી લોકરક્ષક SC કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-SC-FEMALE.pdf)
- હથિયારી લોકરક્ષક ST કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-ST-MALE.pdf)
- હથિયારી લોકરક્ષક ST કેટેગીરીના મહિલા ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/APC-ST-FEMALE.pdf)
- એસ.આર.પી.એફ. જનરલ કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/SRPF-GENERAL-MALE.pdf)
- એસ.આર.પી.એફ. લોકરક્ષક EWS કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/SRPF-EWS-MALE.pdf)
- એસ.આર.પી.એફ. લોકરક્ષક SEBC કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/SRPF-SEBC-MALE.pdf)
- એસ.આર.પી.એફ. લોકરક્ષક SC કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/SRPF-SC-MALE.pdf)
- એસ.આર.પી.એફ. લોકરક્ષક ST કેટેગીરીના પુરૂષ ઉમેદવારની પસંદગી યાદી જોવા માટે અહી કલીંક કરો... (/Downloads/SRPF-ST-MALE.pdf)

---

**:: તા. ૧૯.૧૦.૨૦૨૨ ::**

## ભરતી પ્રક્રિયામાંથી પોતાની ઉમેદવારી પરત ખેંચવા માટે બાબત.

દસ્તાવેજ ચકાસણીમાં પસંદગી પામેલ ઉમેદવારો અન્ય કોઇ ભરતીમાં પસંદગી પામેલ હોય અથવા તો અન્ય કોઇ કારણોસર લોકરક્ષક ભરતીમાં ભાગ લેવા માંગતા ન હોય તો ઉમેદવાર પોતાની ઉમેદવારની પરત ખેંચી પોતાની ઉમેદવારીનો હક જતો કરી શકે તે માટે અગાઉ વિકલ્પ આપવામાં આવેલ હતો.

હાલમાં વનસંરક્ષક વિભાગની ભરતી અન્વયેની પસંદગી યાદી જાહેર કરવામાં આવેલ હોઇ તેમજ જો કોઇ ઉમેદવાર લોકરક્ષકની જાહેરાત ક્રમાંકઃ LRB/202122/2 અન્વયે નોંધાવેલી પોતાની ઉમેદવારી પરત ખેંચવા માંગતા હોય અને કોઇપણ કારણસર ઉપરોકત સમયગાળા દરમ્યાન ઉમેદવારી પરત ખેંચવા અંગે કાર્યવાહી કરેલ ન હોય તો તેવા લોકરક્ષક કેડરના ઉમેદવારો લોકરક્ષક કેડરની પોતાની ઉમેદવારી પરત ખેંચી પોતાની ઉમેદવારીનો હક્ક જતો કરી શકે તે હેતુથી આજરોજ તા.૧૯/૧૦/૨૦૨૨ ના રાત્રી કલાકઃ ૨૩.૫૯ સુધી પોતાની ઉમેદવારી પરત ખેંચી શકશે.

ઉમેદવારી પરત ખેંચવા અંગે બાકીની સૂચનાઓ તા.૧૪.૧૦.૨૦૨૨ના રોજ લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ સૂચનાઓ મુજબ યથાવત રહેશે.

જે ઉમેદવારોએ અગાઉ લોકરક્ષકમાંથી પોતાની ઉમેદવારી પરત ખેંચવા માટે OJAS ઉપર ઓનલાઇન અરજી કરેલ છે તે ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની જરૂર નથી.

---

**:: તા. ૧૪.૧૦.૨૦૨૨ ::**

## ભરતી પ્રક્રિયામાંથી પોતાની ઉમેદવારી પરત ખેંચવા માટે વધુ એક તક આપવા બાબત.

દસ્તાવેજ ચકાસણીમાં પસંદગી પામેલ ઉમેદવારો અન્ય કોઇ ભરતીમાં પસંદગી પામેલ હોય અથવા તો અન્ય કોઇ કારણોસર લોકરક્ષક ભરતીમાં ભાગ લેવા માંગતા ન હોય તો ઉમેદવાર પોતાની ઉમેદવારની પરત ખેંચી પોતાની ઉમેદવારીનો હક જતો કરી શકે તે માટે અગાઉ તા.૦૪.૧૦.૨૦૨૨ થી તા.૧૧.૧૦.૨૦૨૨ સુધી વિકલ્પ આપવામાં આવેલ હતો.

જો કોઇ ઉમેદવાર લોકરક્ષકની જાહેરાત ક્રમાંકઃ LRB/202122/2 અન્વયે નોંધાવેલી પોતાની ઉમેદવારી પરત ખેંચવા માંગતા હોય અને કોઇપણ કારણસર ઉપરોકત સમયગાળા દરમ્યાન ઉમેદવારી પરત ખેંચવા અંગે કાર્યવાહી કરેલ ન હોય તો તેવા લોકરક્ષક કેડરના ઉમેદવારો લોકરક્ષક કેડરની પોતાની ઉમેદવારી પરત ખેંચી પોતાની ઉમેદવારીનો હક્ક જતો કરી શકે તે હેતુથી ઉપરોકત વિકલ્પ ફરી શરૂ કરવાનો ભરતી બોર્ડે નિર્ણય કરેલ છે.

જે માટે ઉમેદવારે પોતાની ઉમેદવારી પરત ખેંચવા માટે https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર Withdraw Application પર કલીક કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

ઉમેદવારો તા.૧૫.૧૦.૨૦૨૨ ના સવાર કલાકઃ૧૨.૦૦ થી તા.૧૬/૧૦/૨૦૨૨ ના રાત્રી કલાકઃ ૨૩.૫૯ સુધી પોતાની ઉમેદવારી પરત ખેંચી શકશે.

લોકરક્ષક ભરતીની દસ્તાવેજ ચકાસણીમાં પસંદગી પામેલ ઉમેદવારો પૈકી હાજર રહેલ ઉમેદવારો તથા કામચલાઉ પસંદગી યાદીમાં પસંદગી પામેલ ન હોય તે (NOT SELECTED) ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી પરત ખેંચી ઉમેદવારીનો હક્ક જતો કરી શકશે.

જે ઉમેદવારોએ અગાઉ તા.૦૪.૧૦.૨૦૨૨ થી તા.૧૧.૧૦.૨૦૨૨ દરમ્યાન OJAS ઉપર ઓનલાઇન અરજી કરેલ છે તે ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની જરૂર નથી.

ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા https://ojas.gujarat.gov.in ઉપર ઉમેદવારોના માર્ગદર્શન માટે મુકવામાં આવેલ છે. આમ છતાં તેનો એક નમૂનો ઉમેદવારની જાણ માટે નીચે મુકેલ છે.

ઉમેદવારી પરત ખેંચવા માટેની સ્ટેપવાઇઝ પ્રક્રિયાની pdf જોવા માટે અહીં કલીક કરો. (/Downloads/Stepwise.pdf)

લોકરક્ષક ભરતીની ઉમેદવારી પરત ખેંચવા અંગે Self Declaration ફોર્મ ડાઉનલોડ કરવા માટે અહીં કલીક કરો. (/Downloads/OTP Self Declaration Dt_14102022.pdf)

---

**:: તા. ૦૪.૧૦.૨૦૨૨ ::**

## લોકરક્ષક ભરતીની કામચલાઉ પસંદગી યાદી તથા ગુણ જાહેર કરવા બાબત.

લોકરક્ષક ભરતીની દસ્તાવેજ ચકાસણીની યાદી તા.૨૮.૦૬.૨૦૨૨ ના રોજ બહાર પાડવામાં આવેલ અને તા.૨૯.૮.૨૦૨૨ થી તા.૧૩.૯.૨૦૨૨ સુધી દસ્તાવેજ ચકાસણી રાખવામાં આવેલ.

દસ્તાવેજ ચકાસણી યાદીમાં પસંદગી પામેલ કુલ-૨૦૮૩૫ ઉમેદવારો પૈકી ૧૫૭૮ ઉમેદવારો ગેરહાજર રહેલ અને ૧૯૨૫૭ ઉમેદવારો હાજર રહેલ.

દસ્તાવેજ ચકાસણીમાં હાજર રહેલ ૧૯૨૫૭ ઉમેદવારો પૈકી કુલ-૧૩ ઉમેદવારો ગેરલાયક ઠરેલ છે. જેથી બાકી રહેતા કુલ-૧૯૨૪૪ ઉમેદવારોના ગુણ આ સાથે જાહેર કરવામાં આવે છે.

આ પૈકી કુલ-૧૦૪૫૯ ઉમેદવારો કામચલાઉ ધોરણે પસંદગી પામેલ છે અને કુલ-૮૭૮૫ ઉમેદવારો પસંદગી પામેલ નથી.

આ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો પૈકી NCC પ્રમાણપત્ર રજૂ કરનાર ઉમેદવારોના પ્રમાણપત્રો વેરીફીકેશન માટે મોકલવામાં આવેલ છે અને તે તમામ ઉમેદવારોના પ્રમાણપત્ર માન્ય ગણી તેઓને ગુણ આપવામાં આવેલ છે. NCC વિભાગ ધ્વારા પ્રમાણપત્રોના વેરીફીકેશન બાદ જે ઉમેદવારોના પ્રમાણપત્રો અમાન્ય થશે, તેઓને આપવામાં આવેલ ગુણ આખરી પસંદગી યાદી સમયે રદ કરવામાં આવશે.

દસ્તાવેજ ચકાસણી રોલ નં.૨૦૦૦૮૧૭૬ ઉમેદવારનું રમતગમતનું પ્રમાણપત્રનું વેરીફીકેશન બાકીમાં છે, તેઓના કિસ્સામાં હાલ ગુણ આપવામાં આવેલ નથી. જો પ્રમાણપત્ર વેરીફીકેશન થઇ આવશે તો તેઓના ગુણનો આખરી પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

દસ્તાવેજ ચકાસણી દરમ્યાન SC, ST, SEBC ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ તેઓને આ કેટેગરીનો લાભ મળવા માટે તેના સમર્થનમાં પુરાવા રજૂ કરેલ છે, તે પુરાવા માન્ય ગણી તેઓને કેટેગરીનો લાભ આપવામાં આવેલ છે. ગુજરાત સરકારશ્રીના ઠરાવ THE GUJARAT SCHEDULED CASTES, SCHEDULED TRIBES AND OTHER BACKWARD CLASSES (REGULATION OF ISSUANCE AND VERIFICATION OF CASTE CERTIFICATES) ACT, 2018 મુજબ SC/ST/SEBC ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રમાં SC અને SEBC ઉમેદવારોના કિસ્સામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ST ઉમેદવારોના કિસ્સામાં

આદિજાતિ વિભાગ ધ્વારા વેરીફીકેશન કરવાનું રહે છે. જે પ્રક્રિયા હાલ ચાલુ છે તે અંગે સંબંધિત વિભાગ ધ્વારા આ પ્રમાણપત્ર માન્ય કે અમાન્ય ગણવા નિર્ણય કરવામાં આવે તેના આધારે તેઓને તે કેટેગરીનો લાભ મળવાપાત્ર છે કે કેમ તેના આધારે આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે.

આ પસંદગી યાદીમાં કોઇ ખામી જણાય તો ઉમેદવાર તા.૧૧.૧૦.૨૦૨૨ સુધીમાં ભરતી બોર્ડની કચેરી - બંગલા નં.ગ-૧૨, સરિતા ઉધાન સામે, સેકટર-૦૯, ગાંધીનગર મુકામે જરૂરી આધાર પુરાવા સહિત રૂબરૂ આવી અરજી કરી શકશે. અન્ય રીતે કરવામાં આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

અરજદારના વાંધાઓ અંગે વિચારણા કરી તે અંગે યોગ્ય નિર્ણય કરી આખરી પસંદગી યાદીમાં તેનો સમાવેશ કરવામાં આવશે.

આ તદ્દન કામચલાઉ પસંદગી યાદી છે. આ પસંદગી યાદીના આધારે પસંદગી માટેનો કોઇ હક દાવો રહેશે નહીં.

ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં તેમને યાંત્રિક, કલેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે, તો કોઈપણ તબક્કે તે રદ થવાપાત્ર રહેશે.

સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨.૦૧.૨૦૧૮ જાહેરનામા ક્રમાંકઃGS/2018-(2)-RES-1085-3433-G2ના ફકરા નં.૭માં માજી સૈનિક ઉમેદવારોને યોગ્યતાનાં ધોરણમાં રાહત આપી Performanceને અસર ના કરે તે રીતે પસંદ કરવા જણાવેલ છે. જે સુચનાઓને ધ્યાને રાખી કેટેગીરીવાઇઝ બિન માજી સૈનિક ઉમેદવારોના કટ-ઓફમાં માજી સૈનિક ઉમેદવારોને ૨૦% વધુ છુટ આપી કામચલાઉ પસંદગી યાદી તૈયાર કરવામાં આવેલ છે.

આ કામચલાઉ યાદી તૈયાર કરવામાં જો કોઇ બે ઉમેદવારોના સરખા ગુણ હોય તો જે ઉમેદવારની ઉંમર વધુ હોય તેને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

જો કોઇ બે ઉમેદવારોના ગુણ અને જન્મ તારીખ બંને સરખા હોય તે કિસ્સામાં જે ઉમેદવારની ઉંચાઇ વધુ હોય તેને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

જો કોઇ બે ઉમેદવારના કિસ્સામાં તેઓના કુલ ગુણ, જન્મ તારીખ અને ઉંચાઇ સરખા હોય તે કિસ્સામાં જે ઉમેદવારના HSC ના ગુણ વધુ હોય તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

આ કામચલાઉ યાદીમાં કટઓફ નીચે મુજબ છે.

(A) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-પુરૂષ ઉમેદવાર

| કેટેગીરી | કટ-ઓફ માર્કસ | પસંદગી પામેલ ઉમેદવારની સંખ્યા | માજી સૈનિક ઉમેદવારનું કટ-ઓફ (૨૦% રાહત બાદ) | પસંદગી પામેલ માજી ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|---|
| GENERAL | ૯૦.૦૮૫ | ૧૪૫૩ | ૭૨.૦૬૮ | ૨૦ |
| EWS | ૮૪.૬૩૫ | ૩૬૪ | ૬૭.૭૦૮ | ૪ |
| SEBC | ૮૬.૬૭૫ | ૮૬૪ | ૬૯.૩૪૦ | ૨૪ |
| SC | ૮૨.૪૨૦ | ૨૩૭ | ૬૫.૯૩૬ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ST | ૭૨.૯૬૦ | ૫૨૨ | ૫૮.૩૬૮ | ૨ |

(B) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-મહિલા ઉમેદવાર

| કેટેગીરી | કટ-ઓફ માર્કસ | પસંદગી પામેલ ઉમેદવારની સંખ્યા |
|---|---|---|
| GENERAL | ૭૨.૨૨૦ | ૭૨૬ |
| EWS | ૬૨.૯૪૦ | ૧૮૧ |
| SEBC | ૬૭.૭૨૫ | ૪૩૭ |
| SC | ૬૫.૭૪૫ | ૧૧૮ |
| ST | ૬૦.૩૩૦ | ૨૫૮ |

(C) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-પુરુષ ઉમેદવાર

| કેટેગીરી | કટ-ઓફ માર્કસ | પસંદગી પામેલ ઉમેદવારની સંખ્યા | માજી સૈનિક ઉમેદવારનું કટ-ઓફ (૨૦% રાહત બાદ) | પસંદગી પામેલ માજી ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|---|
| GENERAL | ૮૬.૦૦૫ | ૨૯૩ | ૬૮.૮૦૪ | ૧૧ |
| EWS | ૮૩.૭૯૦ | ૯૦ | ૬૭.૦૩૨ | - |
| SEBC | ૮૫.૯૬૫ | ૩૧ | ૬૮.૭૭૨ | ૨ |
| SC | ૮૨.૦૪૫ | ૨૬ | ૬૫.૬૩૬ | ૧ |
| ST | ૭૧.૯૬૦ | ૮૦ | ૫૭.૫૬૮ | - |

(D) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-મહિલા ઉમેદવાર

| કેટેગીરી | કટ-ઓફ માર્કસ | પસંદગી પામેલ ઉમેદવારની સંખ્યા |
|---|---|---|
| GENERAL | ૬૭.૧૨૦ | ૧૪૯ |
| EWS | ૬૧.૫૪૫ | ૪૫ |
| SEBC | ૬૬.૯૬૦ | ૧૭ |
| SC | ૬૫.૩૩૫ | ૧૩ |
| ST | ૫૯.૦૭૫ | ૩૯ |

(E) SRPF કોન્સ્ટેબલ

| કેટેગીરી | કટ-ઓફ માર્કસ | પસંદગી પામેલ ઉમેદવારની સંખ્યા | માજી સૈનિક ઉમેદવારનું કટ-ઓફ (૨૦% રાહત બાદ) | પસંદગી પામેલ માજી ઉમેદવારની સંખ્યા |
|---|---|---|---|---|
| GENERAL | ૮૨.૩૦૦ | ૧૮૧૩ | ૬૫.૮૪૦ | ૧૩ |
| EWS | ૭૮.૮૧૦ | ૪૪૪ | ૬૩.૦૪૮ | ૧ |
| SEBC | ૮૦.૧૦૦ | ૧૧૮૮ | ૬૪.૦૮૦ | ૧૩ |

| | | | | |
|---|---|---|---|---|
| SC | ૭૭.૩૩૫ | ૩૦૯ | ૬૧.૮૬૮ | ૨ |
| ST | ૬૬.૨૩૫ | ૬૬૭ | ૫૨.૯૮૮ | - |

દસ્તાવેજ ચકાસણી માટે હાજર રહેલ ઉમેદવારોના ગુણ જોવા માટે અહીં કલીક કરો.......

(/Downloads/00_PROVISIONAL_SELCT_LIST.pdf)

દસ્તાવેજ ચકાસણી માટે હાજર રહેલ તમામ ઉમેદવારોના કેટેગીરીવાઇઝ ગુણ પણ જાહેર કરવામાં આવેલ છે. જેથી પોતાની કેટેગીરીમાં ઉમેદવારનું સ્થાન કયાં છે ઉમેદવાર તે જોઇ શકે.

- જનરલ કેટેગીરીના પુરૂષ ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/01_PROVISIONAL_SELECT_GENERAL_MALE.pdf)
- જનરલ કેટેગીરીના મહિલા ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/02_PROVISIONAL_SELECT_GENERAL_FEMALE.pdf)
- EWS કેટેગીરીના પુરૂષ ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/03_PROVISIONAL_SELECT_EWS_MALE.pdf)
- EWS કેટેગીરીના મહિલા ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/04_PROVISIONAL_SELECT_EWS_FEMALE.pdf)
- SEBC કેટેગીરીના પુરૂષ ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/05_PROVISIONAL_SELECT_SEBC_MALE.pdf)
- SEBC કેટેગીરીના મહિલા ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/06_PROVISIONAL_SELECT_SEBC_FEMALE.pdf)
- SC કેટેગીરીના પુરૂષ ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/07_PROVISIONAL_SELECT_SC_MALE.pdf)
- SC કેટેગીરીના મહિલા ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/08_PROVISIONAL_SELECT_SC_FEMALE.pdf)
- ST કેટેગીરીના પુરૂષ ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/09_PROVISIONAL_SELECT_ST_MALE.pdf)
- ST કેટેગીરીના મહિલા ઉમેદવારના માર્કસ જોવા માટે અહી કલીંક કરો...
  (/Downloads/10_PROVISIONAL_SELECT_ST_FEMALE.pdf)

ઉપરોકત ગુણપત્રક પણ કામચલાઉ ધોરણે જાહેર કરવામાં આવેલ છે.

## **ભરતી પ્રક્રિયામાંથી પોતાની ઉમેદવારી પરત ખેંચવા બાબત**

દસ્તાવેજ ચકાસણીમાં પસંદગી પામેલ ઉમેદવારો અન્ય કોઇ ભરતીમાં પસંદગી પામેલ હોય અથવા તો અન્ય કોઇ કારણોસર લોકરક્ષક ભરતીમાં ભાગ લેવા માંગતા ન હોય તો ઉમેદવાર પોતાની ઉમેદવારની પરત ખેંચી પોતાની ઉમેદવારીનો હક જતો કરી શકે છે.

પોતાની ઉમેદવારી પરત ખેંચવા માટે ઉમેદવારે OJAS ની વેબસાઇટ પર **Withdraw Application** પર કલીક કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

ઉમેદવારો તા.૧૧.૧૦.૨૦૨૨ ના રોજ રાત્રિના ૨૪.૦૦ કલાક સુધી પોતાની ઉમેદવારી પરત ખેંચી શકશે.

દસ્તાવેજ ચકાસણીમાં પસંદગી પામેલ ઉમેદવારો પૈકી આ કામચલાઉ પસંદગી યાદીમાં પસંદગી પામેલ ન હોય તે (NOT SELECTED) ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી પરત ખેંચી શકશે.

ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા સદર લીન્ક પર ઉમેદવારોના માર્ગદર્શન માટે મુકવામાં આવેલ છે. આમ છતાં તેનો એક નમૂનો ઉમેદવારની જાણ માટે નીચે મુકેલ છે.

ઉમેદવારી પરત ખેંચવા માટેની સ્ટેપવાઇઝ પ્રક્રિયાની pdf જોવા માટે અહીં કલીક કરો. (\Downloads\Withdraw.pdf)

---

**:: તા. ૨૩.૦૯.૨૦૨૨ ::**

## બિન ઉન્નત વર્ગ(Non-Creamylayer) પ્રમાણપત્ર રજુ ન કરવા અંગે.

લોકરક્ષક ભરતી માટે દસ્તાવેજ ચકાસણી દરમ્યાન નીચે જણાવેલ SEBC ઉમેદવારોએ બિનઉન્નત વર્ગના હોવા અંગેના માન્ય પુરાવા રજૂ કરેલ ન હોઇ તેઓને જનરલ કેટેગરીમાં ગણવાના થાય છે અને આ અંગે એનેક્ષર-૧૬ કે જેમાં જણાવેલ છે કે, "હું પ્રમાણપત્ર રજૂ કરી શકેલ નથી એટલે મને જનરલ કેટેગરીમાં ગણવાનો થાય છે અને જે તે કેટેગરીનો અનામતનો લાભ મળવાપાત્ર થતો નથી, તેની મને સમજ આપવામાં આવેલ છે. આ અંગે અનામત જાતિ અંગેનો મારો કોઇ હક દાવો રહેતો નથી" તેમાં વિગત ભરી સહી લેવામાં આવેલ નથી.

| Sr.No. | Roll Number | Name of Candidate |
|---|---|---|
| 1 | 20012219 | BHOLABHAI NAJABHAI BHAMAR |
| 2 | 20018264 | SHUBHAM BHIMJIBHAI CHAUHAN |
| 3 | 20018301 | BHOOMI MAHESHBHAI PARMAR |
| 4 | 20015380 | KEYURKUMAR RAMJIBHAI CHAUDHARI |

આથી જો ઉપરોકત ઉમેદવારો બિનઉન્નત વર્ગના હોવા અંગેના માન્ય પુરાવા રજૂ કરવા માંગતા હોય તો તા.૨૪.૦૯.૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી, બંગલા નં.ગ-૧૨, સરિતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર ખાતે માન્ય પુરાવા સાથે હાજર રહેવા માટે જણાવવામાં આવે છે. સદર તારીખે અને સમયે તેઓ જો હાજર રહેશે નહીં તો આ બાબતમાં તેઓ કોઇ રજૂઆત કરવા માંગતા નથી, તેમ માની તેઓને જનરલ કેટેગરીમાં ગણી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## EWSના માન્ય પ્રમાણપત્ર રજુ ન કરવા અંગે.

લોકરક્ષક ભરતી માટે દસ્તાવેજ ચકાસણી દરમ્યાન નીચે જણાવેલ EWS ઉમેદવારે EWS અંગેના માન્ય પુરાવા રજૂ કરેલ ન હોઇ તેઓને જનરલ કેટેગરીમાં ગણવાના થાય છે અને આ અંગે એનેક્ષર-૧૬ કે જેમાં જણાવેલ છે કે, "હું પ્રમાણપત્ર રજૂ કરી શકેલ નથી એટલે મને જનરલ કેટેગરીમાં ગણવાનો થાય છે અને જે તે કેટેગરીનો અનામતનો લાભ મળવાપાત્ર થતો નથી, તેની મને સમજ આપવામાં આવેલ છે. આ અંગે અનામત જાતિ અંગેનો મારો કોઇ હક દાવો રહેતો નથી" તેમાં વિગત ભરી સહી લેવામાં આવેલ નથી.

| Sr.No. | Roll Number | Name of Candidate |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1 | 20006634 | PRADIPSINH RAGHUVIRSINH VAGHELA |

આથી જો ઉપરોકત ઉમેદવા EWS અંગેના માન્ય પુરાવા રજૂ કરવા માંગતા હોય તો તા.૨૪.૦૯.૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી, બંગલા નં.ગ-૧૨, સરિતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર ખાતે માન્ય પુરાવા સાથે હાજર રહેવા માટે જણાવવામાં આવે છે. સદર તારીખે અને સમયે તેઓ જો હાજર રહેશે નહીં તો આ બાબતમાં તેઓ કોઇ રજૂઆત કરવા માંગતા નથી, તેમ માની તેઓને જનરલ કેટેગરીમાં ગણી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---

**:: તા. ૧૭.૦૯.૨૦૨૨ ::**

## EWS ઉમેદવારો માટેની સૂચના

લોકરક્ષક ભરતીની દસ્તાવેજ ચકાસણી દરમ્યાન EWS કેટેગરીના કેટલાક ઉમેદવારોએ એવી રજૂઆત કરેલ કે તેઓએ જે તે વખતે EWS પાત્રતા પ્રમાણપત્ર મેળવવા માટે સક્ષમ અધિકારીને અરજી કરેલ. પરંતુ સક્ષમ અધિકારીએ પાત્રતા પ્રમાણપત્ર આપવાને બદલે બિનઅનામત વર્ગના હોવાનું પ્રમાણપત્ર આપેલ હતું. ઉમેદવારે પાત્રતા પ્રમાણપત્ર માટે જ અરજી કરેલ હોઇ તેઓએ તેને પાત્રતા પ્રમાણપત્ર માની પોતાની પાસે રાખેલ અને લોકરક્ષક ભરતીની દસ્તાવેજ ચકાસણી વખતે રજૂ કરેલ. પરંતુ દસ્તાવેજ ચકાસણી વખતે તેમનું આવું પ્રમાણપત્ર માન્ય રાખવામાં ન આવતાં તેઓએ જે તે સક્ષમ અધિકારીનો સંપર્ક કરી સક્ષમ અધિકારીએ તેઓને એવો પત્ર આપેલ કે, ઉમેદવારે પાત્રતા પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરેલ અને ઉમેદવારને પાત્રતા પ્રમાણપત્ર મળવાપાત્ર હતું. પરંતુ તે પ્રમાણપત્ર આપવાને બદલે કચેરી ધ્વારા તેઓને બિનઅનામત વર્ગના હોવાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે અને હવે તે તારીખનું પાત્રતા પ્રમાણપત્ર આપી શકાય તેમ નથી.

અત્યાર સુધી ભરતી બોર્ડને મળેલ કુલ-૪ ઉમેદવારોના કિસ્સામાં ઉમેદવારે રજૂ કરેલ પત્રો તા.૧૬.૯.૨૦૨૨ ના રોજ મળેલ ભરતી બોર્ડની બોર્ડ બેઠકમાં વંચાણે લેવામાં આવતાં આ ૦૪ ઉમેદવારોના કિસ્સામાં સક્ષમ અધિકારીએ તેઓએ જે તે વખતે EWS પ્રમાણપત્ર માટે અરજી કરેલ અને તેઓ પાત્રતા ધરાવતા હતાં પરંતુ તેઓને તેની જગ્યાએ બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર આપવામાં આવેલ, તેવું પત્રમાં જણાવેલ છે અને તે તારીખની ખરાઇ કરતાં જો આ EWS નું પાત્રતા પ્રમાણપત્ર આપવામાં આવેલ હોત તો તે તા.૯.૧૧.૨૦૨૧ ના રોજ માન્ય ગણવાપાત્ર હતું. જે બાબતને ધ્યાને લઇ આવા ઉમેદવારોના કિસ્સામાં તેઓને EWS માટે પાત્ર ગણવાનો ભરતી બોર્ડે નિર્ણય કરેલ છે.

જો આવા અન્ય કોઇ ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી કેન્દ્ર પર આવો પત્ર રજૂ કરેલ હોય અથવા રજૂ કરવા માટે સમય માંગેલ હોય અને જો તેમને સમય આપવામાં આવેલ ન હોય તેવા ઉમેદવારોને સક્ષમ અધિકારીનો આ પત્ર તથા તેઓ બિનઅનામત વર્ગના છે, તેવું જે તે વખતે તેઓને આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાની તક આપવાનો ભરતી બોર્ડે નિર્ણય કરેલ હોઇ આવા ઉમેદવારોએ આ બંને મૂળ દસ્તાવેજો તથા તેની સ્વપ્રમાણિત નકલ સાથે ભરતી બોર્ડની કચેરીએ તા.૨૩.૯.૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવે છે. આ તારીખ અને સમયે હાજર ન રહેનાર ઉમેદવારને આ અંગે ભવિષ્યમાં તક મળવાપાત્ર રહેશે નહીં.

---

## EWS ઉમેદવારો માટેની સૂચના

લોકરક્ષક ભરતીની દસ્તાવેજ ચકાસણી દરમ્યાન કેટલાક EWS કેટેગરીના ઉમેદવારોએ ગુજરાત સરકારની સેવાઓમાં EWS નો લાભ લેવા માટેના ઠરાવ ક્રમાંક ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૫.૧.૨૦૧૯ મુજબ રજૂ કરવાનું થતું પાત્રતા પ્રમાણપત્રને બદલે ભારત સરકારની સેવાઓમાં ૧૦% EWS અનામતનો લાભ લેવા માટે ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૧.૨.૨૦૧૯ માં દર્શાવ્યા મુજબનું ઇનકમ એન્ડ એસેટ પ્રમાણપત્ર રજૂ કરેલ અને તેઓએ એવી રજૂઆત કરેલ કે, તેઓ ગુજરાત સરકાર અને ભારત સરકારના EWS ના અલગ અલગ પ્રમાણપત્રની આવશ્યકતા છે, તે બાબતથી વાકેફ ન હોવાને કારણે તેઓએ ભારત સરકારનું ઇનકમ અને એસેટ પ્રમાણપત્ર માન્ય રહેશે, તેમ માની તેઓએ ગુજરાત સરકારનું પાત્રતા પ્રમાણપત્ર મેળવેલ નથી. જેથી ભારત સરકારની સેવાઓ માટેની EWS પાત્રતા ગુજરાત સરકારની સેવાઓ કરતાં વધુ હોઇ તે માન્ય રાખવું જોઇએ, તેવી રજૂઆત ઉમેદવારો તરફથી દસ્તાવેજ ચકાસણી દરમ્યાન મળેલ.

આવો પ્રશ્ન SEBC ઉમેદવારોના કિસ્સામાં પણ દસ્તાવેજ ચકાસણી દરમ્યાન ધ્યાને આવેલ અને તે અંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો પરામર્શ કરતાં જણાઇ આવેલ કે ભૂતકાળમાં SEBC ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત સરકારની સેવા માટેના નોન-ક્રીમીનલ પ્રમાણપત્રને બદલે ભારત સરકારનું નોન-ક્રીમીનલ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવેલ, તે સ્વીકારવામાં ન આવતાં કેટલાક કિસ્સાઓમાં કોર્ટ કેસો થયેલ, જેમાં નામ.કોર્ટ ધ્વારા તેનો સ્વીકાર કરવા માટેના આદેશો થયેલ. તેને ધ્યાનમાં રાખી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા SEBC ઉમેદવારો માટે ભારત સરકાર માટેનું નોન-ક્રીમીનલ પ્રમાણપત્ર જો તેઓની જાતિનો સમાવેશ ગુજરાત સરકારની SEBC જાતિમાં થતો હોય તો તેનો સ્વીકાર કરવાની સૂચના વિભાગના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ, તા.૧૮.૮.૨૦૧૭ થી બહાર પાડવામાં આવેલ.

આ બાબત ધ્યાનમાં લઇ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને EWS ના કિસ્સામાં પણ યોગ્ય સૂચના બહાર પાડવા માટે અત્રેથી પત્ર લખવામાં આવેલ. પરંતુ તે અંગે સૂચનાઓ બહાર પાડવામાં વિલંબ થઇ શકે તેમ હોઇ આ અંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સાથે જરૂરી પરામર્શ કરતાં નીચે મુજબની બાબતો ધ્યાને આવેલ છે.

(૧) ગુજરાત સરકારની સેવાઓમાં ૧૦% EWS અનામતનો લાભ લેવા માટેના પાત્રતા પ્રમાણપત્ર માટે ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૩.૧.૨૦૧૯ થી નીચે મુજબની શરતો જણાવેલ છે.

• જે ઉમેદવારોનો ગુજરાત સરકારની SC, ST, SEBC જાતિમાં સમાવેશ થતો ન હોય, ફકત તેવા જ ઉમેદવારોને ગુજરાત સરકારની સેવાઓમાં EWS ની પાત્રતા મળવાપાત્ર છે.

• ગુજરાત સરકારની EWS ની પાત્રતા માટે ઉમેદવારના પરિવારની આવક મર્યાદા વાર્ષિક રૂ.૮.૦૦ લાખથી ઓછી હોવી જોઇએ.

• ગુજરાત સરકારની EWS ની પાત્રતા માટે ઉમેદવારનો પરિવાર મૂળ ગુજરાતના વતની હોવા જરૂરી છે અથવા તેઓ તા.૧.૪.૧૯૭૮ પૂર્વેથી ગુજરાતમાં વસવાટ કરતાં હોવા જરૂરી છે.

(૨) જયારે ભારત સરકારની સેવાઓમાં EWS ની અનામતનો લાભ લેવા માટે ઉમેદવાર SC, ST, OBC જાતિના નથી તથા તેમની આવકના સંદર્ભમાં નીચેની લાયકાત જરૂરી છે. (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક ઇડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૧.૨.૨૦૧૯)

(1) Persons who are not covered under the existing scheme of reservation for the Scheduled Castes, the Scheduled Tribes and Other Backward Classes and whose family has gross annual income below Rs.8.00 lakh (Rs. Eight Lakhs only) are to be identified as Economically Weaker Sections for the benefit of reservation. The income shall Include the income from all sources Le. salary, agriculture, business, profession etc. and it will be income for the financial year prior to the year of application.

(2) Also persons whose family owns or possesses any of the following assets shall be excluded from being identified as Economically Weaker Sections, irrespective of the family income:

(i) 5 acres of agricultural land and above;

(ii) Residential flat of 1000 sq. ft. and above;

(ii) Residential plot of 100 sq. yards and above in notified municipalities,

(lv) Residential plot of 200 sq. yards and above in areas other than the notified municipalities.

(3) The property held by a "Family" in different locations or different places/cities would be clubbed while applying the land or property holding test to determine Economically Weaker Sections status.

(4) The term "Family" for this purpose will include the person who seeks benefit of reservation, his/her parents and siblings below the age of 18 years as also his/her spouse and children below the age of 18 years.

આમ, ભારત સરકારની સેવાઓમાં EWS નો લાભ લેવા માટે જેને ઇનકમ એન્ડ એસેટ પ્રમાણપત્ર મેળવેલ છે અને તેમાં જણાવેલ શરતોમાં આવકના સંદર્ભમાં ગુજરાત સરકારના EWS પાત્રતા પ્રમાણપત્રની શરતોનો સમાવેશ થઇ જતો હોઇ આવકના સંદર્ભમાં ઇનકમ એન્ડ એસેટ પ્રમાણપત્ર સ્વીકારી શકાય. પરંતુ ભારત સરકારની OBC ની જાતિઓ ગુજરાત સરકારની SEBC જાતિઓથી અલગ હોઇ ગુજરાત સરકારની EWS નો લાભ માત્ર તેવી જાતિઓના ઉમેદવારને જ મળી શકે જેનો સમાવેશ SC, ST, SEBC માં થયેલ ન હોય. જેથી ઇનકમ એન્ડ એસેટ પ્રમાણપત્ર રજૂ કરનાર ઉમેદવારના કિસ્સામાં આ બાબતની ખરાઇ કરવાની રહેશે.

ઉપરાંત આવા ઉમેદવારો ગુજરાતના મૂળ રહેવાસી હોય અથવા તો તા.૧.૪.૧૯૭૮ પૂર્વેથી ગુજરાતમાં વસવાટ કરતાં હોય તેની પણ ખરાઇ કરવાની રહે.

આમ, દસ્તાવેજ ચકાસણી દરમ્યાન ગુજરાત સરકારના પાત્રતા પ્રમાણપત્રને બદલે ભારત સરકારની સેવાઓ માટેનું ઇનકમ એન્ડ એસેટ પ્રમાણપત્ર રજૂ કરનાર ઉમેદવારોના કિસ્સામાં આ બાબતની ખરાઇ કરવા માટેની દસ્તાવેજ ચકાસણી લોકરક્ષક ભરતી બોર્ડની કચેરીએ તા.૨૩.૯.૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

જેથી આવા ઉમેદવારોએ નીચેના દસ્તાવેજો સાથે હાજર રહેવાનું રહેશે.

(૧) ઉમેદવારો ગુજરાત સરકારના બિનઅનામત વર્ગના હોવા અંગેનું પ્રમાણપત્ર

(૨) ભારત સરકારની સેવાઓ માટે ૧૦% અનામત માટે ઉમેદવારોને આપવામાં આવેલ ઇનકમ એન્ડ એસેટ પ્રમાણપત્ર

(૩) ઉમેદવારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૪) ઉમેદવારનું કુટુંબ તા.૧.૪.૧૯૭૮ પહેલાં ગુજરાતમાં વસવાટ કરી રહેલ છે, તેના પુરાવા માટે ઉમેદવારના પિતા તા.૧.૪.૧૯૭૮ પૂર્વે શાળામાં દાખલ થયા હોય તેવો ઉલ્લેખ હોય તેવું શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૫) ઉમેદવારના પિતાના કિસ્સામાં આવું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન હોય તો ઉમેદવારના પિતૃપક્ષમાંથી કાકા, દાદા, ફોઇ વગેરેનું શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા ઉમેદવારનો તેમની સાથે સંબંધ ધરાવતું પેઢીનામું રજૂ કરવાનું રહેશે.

(૬) જો આ પ્રમાણપત્ર ઉમેદવાર પાસે ઉપલબ્ધ ન હોય તો ઉમેદવાર ગુજરાતમાં તા.૧.૪.૧૯૭૮ પહેલાંથી વસવાટ કરતાં હોય તે અંગે કયા પુરાવા રજૂ કરી શકાય તે અંગે SEBC ઉમેદવારોના કિસ્સામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા બહાર પાડવામાં આવેલ એનેક્ષર-૧ આ સાથે બિડાણે રાખેલ છે, જે જોઇ લેવા જણાવવામાં આવે છે. ઉમેદવારોને જાણ કરવાની કે, આ એનેક્ષર SEBC ઉમેદવારો માટેનું છે. પરંતુ તેઓના કિસ્સામાં પણ તેઓ તા.૧.૪.૧૯૭૮ પૂર્વે ગુજરાતમાં રહેતા હોવાના પુરાવા રજૂ કરવા માટે આ સૂચનાઓ બહાર પાડેલ હોઇ ઉમેદવારને માર્ગદર્શન મળે તે માટે એનેક્ષર હોઇ મુકવામાં આવેલ છે.

જો કોઇ ઉમેદવારે દસ્તાવેજ ચકાસણી દરમ્યાન પોતાનું ઇનકમ એન્ડ એસેટ પ્રમાણપત્ર રજૂ કરેલ હોય પરંતુ દસ્તાવેજ ચકાસણી કેન્દ્ર ધ્વારા તે પ્રમાણપત્ર સ્વીકારવામાં આવેલ ન હોય તો તેવા ઉમેદવારો પણ તા.૨૩.૯.૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ભરતી બોર્ડની કચેરી ખાતે હાજર રહી ઉપર મુજબના પ્રમાણપત્રો રજૂ કરી શકશે. તા.૨૩.૯.૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ઉપરોકત દસ્તાવેજો સાથે ભરતી બોર્ડની કચેરીએ હાજર ન રહેનાર ઉમેદવારને તે પછી કોઇ તક મળવાપાત્ર રહેશે નહીં.

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંક ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૫.૧.૨૦૧૯ જોવા માટે અહીં કલીક કરો...... (/Downloads/01.pdf)

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંક ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૧.૨.૨૦૧૯ જોવા માટે અહીં કલીક કરો...... (/Downloads/02.pdf)

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ, તા.૧૮.૮.૨૦૧૭ જોવા માટે અહીં કલીક કરો...... (/Downloads/03.pdf)

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંક ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૩.૧.૨૦૧૯ જોવા માટે અહીં કલીક કરો...... (/Downloads/04.pdf)

(૫) તા.૧.૪.૧૯૭૮ પહેલાંથી ગુજરાતમાં વસવાટ કરતા હોવા માટેના પુરાવા અંગેનું એનેક્ષર-૧ જોવા માટે અહીં કલીક કરો...... (/Downloads/05_ANNAXURE-1.pdf)

---

**:: તા. ૧૨.૦૯.૨૦૨૨ ::**

## EWS ઉમેદવારો માટેની સૂચના

EWS કેટેગરીના કેટલાક ઉમેદવારો ધ્વારા EWS ના પાત્રતા પ્રમાણપત્રને બદલે તેઓ બિનઅનામત વર્ગના હોવાનું પ્રમાણપત્ર રજૂ કરેલ અને રજૂઆત કરેલ છે કે તેઓએ જે તે વખતે આવકનો દાખલો વગેરે રજૂ કરી પાત્રતા પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરેલ. પરંતુ મામલતદાર કચેરીમાંથી ભૂલથી પાત્રતા પ્રમાણપત્રને બદલે બિનઅનામત વર્ગના હોવાનું પ્રમાણપત્ર આપેલ અને ઉમેદવારે પાત્રતા પ્રમાણપત્રની અરજી કરેલ હોઇ તેઓએ માની લીધું કે તેઓને તે જ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

આ અંગે તેઓએ જે તે મામલતદાર કચેરીમાંથી એક એવો પત્ર પણ રજૂ કરેલ છે જેમાં જણાવવામાં આવેલ છે કે, તેઓને પાત્રતા પ્રમાણપત્ર મળવાપાત્ર હતું. પરંતુ હાલમાં તે તારીખની સ્થિતિનું EWS પાત્રતા પ્રમાણપત્ર કાઢી શકાય તેમ નથી.

મામલતદારના આ પત્ર પરથી એવું જણાય છે કે, ઉમેદવારે પાત્રતા પ્રમાણપત્રની અરજી કરેલ હતી અને તેઓને પાત્રતા પ્રમાણપત્ર મળવાપાત્ર હતું. પરંતુ મામલતદાર કચેરીની ભૂલને કારણે તેઓને બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર આપવામાં આવેલ.

તા.૧૪/૦૪/૨૦૨૨ના કલાક ૦૯.૦૦ વાગ્યા સુધીમાં ઓનલાઇન જ વાંધા/રજુઆત મોકલવાના રહેશે. અન્ય રીતે મોકલવામાં આવેલ તથા તારીખ/સમય વિતી ગયા બાદ વાંધા/રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

Provisional Answer Key માટેની લીંક (/Downloads/UpdatedProvisionalAnswerKey_11042022.pdf )

ઓનલાઇન વાંધા/રજુઆત માટેની લીંક (https://safevaults.in/login/)

---

**:: તા.૧૧.૦૪.૨૦૨૨ ::**

તા.૧૦/૦૪/૨૦૨૨ના રોજ લેવાયેલ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં હાજર રહેલ તમામ ઉમેદવારોની OMR Sheetની સ્કેનીંગ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે અને તેમની OMR Sheet અપલોડ કરવામાં આવેલ છે. જે ડાઉનલોડ કરવા માટે અહી કલીક કરો....
(https://eformonline.in/LRB_OMR/)

તા.૧૦/૦૪/૨૦૨૨ના રોજ લેવાયેલ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની હંગામી જવાબ ચાવી (Provisional Answer Key) જોવા માટે નીચે કલીક કરો

**નોંધઃ**
(૧) હંગામી જવાબ ચાવી (Provisional Answer Key) પ્રશ્નપત્ર સીરીઝ-એ મુજબની મૂકવામાં આવેલ છે.
(૨) આ જવાબ ચાવી માત્ર ઉમેદવારોના માર્ગદર્શન માટે મુકવામાં આવેલ છે. અત્યારે બોર્ડનું ધ્યાન OMR સ્કેનીંગ કરી અપલોડ કરવા પર હોઇ, જવાબ ચાવી પુનઃ ચેક કરી, ખાતરી કરી, વાંધા મેળવવા માટેની જવાબ ચાવી તથા તેની સામે વાંધા ઓનલાઇન રજુ કરવા માટેની લીંક હવે પછી મુકવામાં આવશે.
જવાબ ચાવી (Provisional Answer Key) (/Downloads/AnswerKey_PDF.pdf)

---

**:: તા.૦૭.૦૪.૨૦૨૨ ::**

તા.૧૦.૦૪.૨૦૨૨ના રોજ લેવાનાર લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર સ્કુલો/કોલેજો પૈકી વડોદરાની નીચે જણાવેલ સ્કુલના સરનામામાં સુધારો થયેલ છે. જે સુધારો ધ્યાને લેવાનો રહેશે. આ માટે અલગથી કોલલેટર કાઢવાની જરૂર નથી.

| અ.નં. | જિલ્લો | કોલલેટરમાં દર્શાવેલ સ્કુલનું નામ અને સરનામું | સ્કુલનું નામ અને સુધારેલ સરનામું |
|---|---|---|---|
| ૧ | વડોદરા | JAY AMBE VIDHYALAYA<br>141/146, BALAJI NAGAR, OPP. AMIT NAGAR SOCIETY, AMBE CIRCLE, VIP ROAD, KARELIBAUG, VADODARA | JAY AMBE VIDHYALAYA<br>BEHIND RHYTH HOSPITAL, OPP. PANCHAMRUT FLAT, HARNI-SAMA ROAD, VADODARA |

---

**:: તા.૦૬.૦૪.૨૦૨૨ ::**

તા.૧૦.૦૪.૨૦૨૨ના રોજ લેવાનાર લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર સ્કુલો/કોલેજોના નામ/સરનામાનાં સ્પેલીંગમાં તા.૦૫.૦૪.૨૦૨૨ના રોજ સુધારો જણાવેલ છે. જેમાં અ.નં.૫ ઉપરની સ્કુલમાં નીચે પ્રમાણે સુધારો ધ્યાને લેવાનો રહેશે. આ માટે અલગથી કોલલેટર કાઢવાની જરૂર નથી.

| અ.નં. | જિલ્લો | કોલલેટરમાં દર્શાવેલ સ્કુલનું નામ અને સરનામું | સુધારેલ સ્કુલનું નામ અને સરનામું |
|---|---|---|---|
| ૧ | સુરત | GURUKUL VIDHYAPITH V. D. CHOKSHI GUJ.MED. SCHOOL, KATARGAM , GIDC, SUMUL DAIRY ROAD, SURAT | GURUKUL VIDHYAPITH N V DHAMANWALA GUJ. MED. SCHOOL, KATARGAM, GIDC, SUMUL DAIRY ROAD, SURAT |

---

**:: તા.૦૫.૦૪.૨૦૨૨ ::**

તા.૧૦.૦૪.૨૦૨૨ ના રોજ લેવાનાર લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર નીચે મુજબની સ્કુલો/કોલેજોના નામ/ સરનામાનાં સ્પેલીંગમાં સુધારો જણાયેલ છે. જેથી ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મુશ્કેલી ના પડે તે હેતુથી નીચે પ્રમાણે સુધારો ધ્યાને લેવાનો રહેશે. આ માટે અલગથી કોલલેટર કાઢવાની જરૂર નથી.

| અ.નં. | જિલ્લો | કોલલેટરમાં દર્શાવેલ સ્કુલનું નામ અને સરનામું | સુધારેલ સ્કુલનું નામ અને સરનામું |
|---|---|---|---|
| ૧ | સુરત | MADAV BAAG VIDHYABHAVAN UNIT-1, NEW KOSAD ROAD, AMROLI, TALUKA- CHORYASI DIST- SURAT | MADHAVBAG VIDHYABHAVAN UNIT-1, NEW KOSAD ROAD, AMROLI, TALUKA- CHORYASI DIST- SURAT |
| ૨ | સુરત | MADAV BAAG VIDHYABHAVAN UNIT-2, NEW KOSAD ROAD, AMROLI, TALUKA- CHORYASI DIST- SURAT | MADHAVBAG VIDHYABHAVAN UNIT-2, NEW KOSAD ROAD, AMROLI, TALUKA- CHORYASI DIST- SURAT |
| ૩ | સુરત | SHREE S. P. ZARIWALA HIGHSCHOOL, GOPIPURA, ANNIE BESANT ROAD,SURAT | SHREE S. P. ZAVERI GIRLS HIGHSCHOOL, GOPIPURA, ANNIE BESANT ROAD,SURAT |
| ૪ | સુરત | GURUKUL VIDHYAPITH V. D. CHOKSHI ENG.MED. SCHOOL, KATARGAM , GIDC, SUMUL DAIRY ROAD, SURAT | GURUKUL VIDHYAPITH V. T. CHOKSHI ENG.MED. SCHOOL, KATARGAM , GIDC, SUMUL DAIRY ROAD, SURAT |
| ૫ | સુરત | GURUKUL VIDHYAPITH V. D. CHOKSHI GUJ.MED. SCHOOL, KATARGAM , GIDC, SUMUL DAIRY ROAD, SURAT | GURUKUL VIDHYAPITH V. T. CHOKSHI GUJ.MED. SCHOOL, KATARGAM , GIDC, SUMUL DAIRY ROAD, SURAT |
| ૬ | સુરત | GURUKUL VIDHYAPITH V. D. C. KANYA VIDHYALAY SCHOOL, SUMUL DAIRY ROAD, NEAR BADAGANESH MANDIR, KATARGAM, SURAT | GURUKUL VIDHYAPITH V. T. C. KANYA VIDHYALAY SCHOOL, SUMUL DAIRY ROAD, NEAR BADAGANESH MANDIR, KATARGAM, SURAT |
| ૭ | અમદાવાદ | PRASHANAT HIGH SCHOOL, TRISHLA PARK, SHIV SAGAR ESTATE, JIVARAJ PARK | PRASHANT HIGH SCHOOL, TRISHLA PARK, SHIV SAGAR ESTATE, JIVARAJ PARK, AHMEDABAD. |
| ૮ | અમદાવાદ | AADHARSH HINDI VIDHYALAYA, B/H BHAGAWATI FALTS, JIVARAJPARK, AHMEDABAD | AADARSH HINDI VIDHYALAYA, B/H BHAGAWATI FALTS, JIVARAJPARK, AHMEDABAD |
| ૯ | અમદાવાદ | VISHWABHARATI BHAVAN, BHAIKAKA NAGAR, THALTEJ, AHMEDABAD | VISHWABHARTI GIRLS HIGH SCHOOL, BHAIKAKA NAGAR, THALTEJ, AHMEDABAD |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | અમદાવાદ | SANKALP INTERNATION GUJ MEDIUM UNIT 1, OPP SAMIP AVNUE , NIKOL GAM, NIKOL | SANKALP INTERNATION GUJ MEDIUM UNIT 1, OPP SAMIP AVNUE , NIKOL GAM, NIKOL, AHMEDABAD |
| ૧૧ | અમદાવાદ | SANKALP INTERNATION GUJ MEDIUM UNIT 2, OPP SAMIP AVNUE , NIKOL GAM, NIKOL | SANKALP INTERNATION GUJ MEDIUM UNIT 2, OPP SAMIP AVNUE , NIKOL GAM, NIKOL, AHMEDABAD |
| ૧૨ | અમદાવાદ | SHRI SARASWATI MANDIR HIGH SCHOOL, PUNIT MARG, L.G.CORNER, MANINAGAR | SHRI SARASWATI MANDIR HIGH SCHOOL, PUNIT MARG, L.G.CORNER, MANINAGAR, AHMEDABAD. |
| ૧૩ | અમદાવાદ | V.V. TOMAR HINDI H.S.SCHOOL, VIDYANAGAR, BHARGAV ROAD, KUBERNAGAR | V.V. TOMAR HINDI H.S.SCHOOL, VIDYANAGAR, BHARGAV ROAD, KUBERNAGAR, AHMEDABAD. |
| ૧૪ | આણંદ | KNOWNAEDGE HIGH SCHOOL UNIT-1, BAKROL, TA.ANAND | KNOWLEDGE HIGH SCHOOL UNIT-1, BAKROL, TA.ANAND |
| ૧૫ | આણંદ | KNOWNAEDGE HIGH SCHOOL UNIT-2, BAKROL, TA.ANAND | KNOWLEDGE HIGH SCHOOL UNIT-2, BAKROL, TA.ANAND |
| ૧૬ | આણંદ | KNOWNAEDGE HIGH SCHOOL UNIT-3, BAKROL, TA.ANAND | KNOWLEDGE HIGH SCHOOL UNIT-3, BAKROL, TA.ANAND |
| ૧૭ | આણંદ | KNOWNAEDGE HIGH SCHOOL UNIT-4, BAKROL, TA.ANAND | KNOWLEDGE HIGH SCHOOL UNIT-4, BAKROL, TA.ANAND |

**:: લેખિત પરીક્ષા અંગેની સુચના (તા.૦૪.૦૪.૨૦૨૨) ::**

લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા તા.૧૦/૦૪/૨૦૨૨ (રવિવાર) નારોજ યોજવામાં આવનાર છે. તેના કોલલેટર https://ojas.gujarat.gov.in (https://ojas.gujarat.gov.in) ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

**:: તા.૧૮/૦૩/૨૦૨૨ ::**

તા.૨૧/૦૨/૨૦૨૨ નારોજ લોકરક્ષક કેડરની શારીરીક કસોટીનું પરિણામ જાહેર કરવામાં આવેલ. શારીરીક કસોટીના પરિણામ બાબતે ઉમેદવારો તરફથી વાંધા અરજીઓ મંગાવવામા આવેલ. જે અંગે કુલ-૧૨૫૪ વાંધા અરજીઓ મળેલ. તમામ અરજીઓનું રેકર્ડ ઉપરથી ચકાસણી કરતાં, કુલ-૧૨૫૪ અરજીઓ પૈકી ૧૦૨૯ અરજીઓના વાંધાઓને સમર્થન મળેલ નથી જે અરજીઓ ફાઇલ કરવામાં આવેલ છે. બાકી રહેલ કુલ-૨૨૫ અરજીઓની વિગત નીચે મુજબ છે.

(૧) ૮૭ અરજીઓમાં ઉમેદવારોએ જાહેર થયેલ પરિણામમાં પોતાની લોકરક્ષક અરજી મુજબની કેટેગીરી ન હોવા અંગે રજૂઆત કરેલ છે. આ તમામ ૮૭ ઉમેદવારોએ લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર તા.૨૨.૦૨.૨૦૨૨ના રોજ મૂકવામાં આવેલ કેટેગીરી ફેરફાર અંગેનું ૧૮૩૬નું લીસ્ટ જોઇ લેવું.

ઉપરોકત અરજીઓ અનુસંધાને ભરતી બોર્ડનાં અન્ય ડેટામાં ચકાસણી કરતાં, જે ઉમેદવારોને પો.સ.ઇ. અને લોકરક્ષક કેડરના અલગ-અલગ કોલલેટર મળેલ હતા અને ભરતી બોર્ડ ખાતે બન્ને કોલલેટર મર્જ કરવા અંગે અરજી આપેલ હતી તેવા ઉમેદવારોની કેટેગીરી જાહેર કરેલ પરિણામમાં લોકરક્ષક કેડરની અરજી મુજબની કેટેગીરીના બદલે પો.સ.ઇ. કેડરની અરજી મુજબની કેટેગીરી દર્શાવેલ હોવાનું ધ્યાને આવેલ. જેથી હવે લોકરક્ષક કેડરની અરજી મુબજની કેટેગીરી ધ્યાને લેતાં નીચે મુજબનાં ૫ (પાંચ) મહિલા ઉમેદવારોનાં પરિણામમાં ફેરફાર થાય છે.

| અ. નં. | નામ અને કન્ફ.નં. | પો.સ.ઇ. અરજી મુજબની કેટેગીરી | લોકરક્ષક અરજી મુજબની કેટેગીરી | જાહેર થયેલ પરિણામ મુજબ ઉંચાઇ | જાહેર થયેલ પરિણામ | સુધારા બાદ પરિણામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | LAXMIBAHEN ISHVARBHAI KHARADI Conf.No. 33281493 | SC | ST | 151.50 | નાપાસ | પાસ |
| ૨ | PUSHPABEN LALABHAI RAJAT Conf.No.95510019 | SC | ST | 152.00 | નાપાસ | પાસ |
| ૩ | LILU NATHABHAI MORI Conf.No.13497517 | ST | SEBC | 154.00 | પાસ | નાપાસ |
| ૪ | JOSHABEN PARVATBHAI HAJARIYA Conf.No.41458238 | ST | SEBC | 152.00 | પાસ | નાપાસ |
| ૫ | ALKABEN DALASANJI SOLANKI Conf.No.75224583 | ST | SEBC | 152.70 | પાસ | નાપાસ |

અ.નં. ૩,૪ અને ૫ મુજબના ઉમેદવાર પોતાના નાપાસ પરિણામથી અજાણ હોઇ, ગ્રાઉન્ડ ઉપર ઉપલબ્ધ અપીલની તક મેળવેલ નથી. જેથી તા.૦૮.૦૩.૨૦૨૨ના રોજ SRPF ગૃપ-૧૨, ગાંધીનગર ખાતે તેઓને પૂનઃ માપણી માટે બોલાવવામાં આવેલ. જેમાં અ.નં.૫ અલકાબેન સોલંકી ગેરહાજર રહેલ તેમજ અ.નં.૩ અને ૪ મુજબના બન્ને ઉમેદવાર પૂનઃ માપ કસોટીમાં નાપાસ જાહેર થયેલ છે.

(૨) પો.સ.ઇ. અને લોકરક્ષક કેડરના કોલલેટરને મર્જ કરવા અથવા મર્જની વિગતમાં સુધારો કરવા અંગે મળેલ કુલ-૧૧૩ ઉમેદવારોના પો.સ.ઇ. અને લોકરક્ષકના કોલલેટરને મર્જ કરવામાં આવેલ છે પો.સ.ઇ. કેડરના પરિણામ મુજબ લોકરક્ષકમાં પણ પાસ જાહેર કરવામાં આવે છે. વિગત જોવા માટે અહીં કલીક કરો.... (/Downloads/Merge_Data_for_Website_Dt_18032022.pdf)

(૩) બાકી રહેલ કુલ-૨૫ અરજીઓની તેમજ તે અરજીઓ સંબંધે વિગતવારની ચકાસણી કરતાં,

(A) પરિણામમાં સમાવેશ થયેલ છે પરંતુ, માર્કસ શૂન્ય હોવા અંગે મળેલ એક અરજી તેમજ અન્ય ડેટાની ચકાસણી કરતાં, નીચે મુજબનાં કુલ-૩ ઉમેદવારોના પરિણામમાં માર્કસ શૂન્ય દર્શાવેલ હતા.

| Sr.No. | CONFIRM. NO. | NAME OF CANDIDATE | RUNNING NET TIME | પરિણામમાં દર્શાવેલ ગુણ | સુધરેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1 | 15477897 | KIRAN DAHYABHAI HARIJAN | 00:08:38 | 0 | 15 |
| 2 | 36387877 | VIBHABEN YOGESHKUMAR JADAV | 00:08:53 | 0 | 15 |
| 3 | 97170606 | VASANT KUMAR SANDHABHAI CHAUDHARY | 00:12:18 | 0 | 10 |

જે અંગેનો જરૂરી સુધારો ડેટાબેઝમાં કરવામાં આવેલ છે. ઉમેદવારે ઉપર દર્શાવેલ છેલ્લા કોલમ મુજબના ગુણ ધ્યાને લેવાના રહેશે.

(B) ઉમેદવાર જયપાલસિંહ હરદેવસિંહ રાણા, કન્ફ.નં.૫૯૧૬૧૭૫૯ નાઓ નામદાર કોર્ટનાં SCA-2585/2022 અન્વયે પૂનઃ માપણીમાં પાસ થયેલ પરંતુ પરિણામમાં નામ ન હોવા અંગે મળેલ અરજીની ચકાસણી કરતાં, શરતચૂકથી જાહેર કરેલ પરિણામમાં સમાવેશ થયેલ ન હોઇ, હવે તેઓને પાસ જાહેર કરવામાં આવે છે.

(C) ઉમેદવાર ઠાકોર રણજીતજી પ્રવિણજી, કન્ફ.નં.૪૧૨૨૧૧૮૮ નાઓ નામદાર કોર્ટનાં SCA-1178/2022 અન્વયે પૂનઃ માપણીમાં પાસ થયેલ છે. જેથી હવે તેઓને પાસ જાહેર કરવામાં આવે છે.

(D) પો.સ.ઇ. અને લોકરક્ષકના કોલલેટર મર્જ કરવામાં આવેલ છે પરંતુ પો.સ.ઇ. મુજબનું પાસ પરિણામ લોકરક્ષકમાં જાહેર થયેલ નથી તે બાબતની મળેલ એક અરજી અન્વયે ચકાસણી કરતા, નીચે મુજબના ૬ ઉમેદવારોના પો.સ.ઇ. ના પાસ પરિણામ મુજબ લોકરક્ષકનાં પાસ પરિણામ જાહેર થયેલ ન હોવાનું ધ્યાને આવેલ છે.

| Sr. No. | PSI Confim.No | Name | LRD Confim.No |
|---|---|---|---|
| 1 | 31293646 | Mr. RAVIBHAI VIRABHAI CHAVDA | 89222046 |
| 2 | 12883760 | Mr. SUMANKUMAR HEMRAJBHAI CHAUDHARI | 31291233 |
| 3 | 31079317 | Mr. MAHEPALSINH HINDUSINH SOLANKI | 87991571 |
| 4 | 47712404 | Mr. NAGAJIBHAI SOMABHAI BAROT | 33578321 |
| 5 | 60934865 | Mr. VIJAYKUMAR PRAVINBHAI PARMAR | 15442928 |
| 6 | 10880978 | Mr. GOHIL KULDIPSINH RANJITSINH | 20871171 |

ઉપરોક્ત ૬ ઉમેદવારોને પો.સ.ઇ.ના જાહેર થયેલ પરિણામ મુજબ લોકરક્ષકમાં પણ પાસ જાહેર કરવામાં આવે છે.

(E) નીચે મુજબના ૩ ઉમેદવારોએ પોતે પાસ હોવા છતાં જાહેર કરેલ પરિણામમાં પોતાનું નામ નથી તે બાબતની અરજી કરેલ. જેની ચકાસણી કરતાં આ ઉમેદવારોના એનેક્ષર-૬/૫-બી મુજબના ડેટા જાહેર કરવામાં આવેલ લોકરક્ષક પરિણામમાં અપડેટ થયેલ ન હોઇ, નાપાસ જાહેર કરેલ હતા. જેઓને હવે એનેક્ષર-૬/એનેક્ષર-૫-બી મુજબના ડેટા ધ્યાને લેતાં પાસ જાહેર કરવામાં આવે છે.

| અ.નં. | નામ | જેન્ડર | કેટેગીરી | ડેટા મુજબ ઉંચાઇ | એનેક્ષર-૬/૫-બી મુજબ ઉંચાઇ |
|---|---|---|---|---|---|
| ૧ | TRUPTI JADAVBHAI PAMAK CONFIRM.NO.22235018 | FEMALE | SEBC | 154 | 154.5 |
| ૨ | MANISHABEN VELJIBHAI THAKOR CONFIRM.NO.53980451 | FEMALE | SEBC | 154.1 | 154.6 |
| ૩ | JINAL GORDHANBHAI JOSHI CONFIRM.NO. 95101788 | FEMALE | General (EWS) | 154 | 154.5 |

(F) નીચે મુજબના બે ઉમેદવારોએ આપેલ અરજી બાબતનો નિર્ણય બાકી હોઇ, તેઓની શારીરીક માપ કસોટી થઇ શકેલ નહી. જેથી તા.૦૮.૦૩.૨૦૨૨ના રોજ SRPF ગૃપ-૧૨, ગાંધીનગર ખાતે તેઓને શારીરીક માપ કસોટી માટે બોલાવવામાં આવેલ.

| અ.નં. | કન્ફર્મેશન નંબર | નામ | જાહેર થયેલ પરિણામ |
|---|---|---|---|
| ૧ | 64245411 | Mr. NARESHBHAI RATABHAI KODARVI | પાસ |
| ૨ | 61781574 | Mr. BHANUBHAI MEGALABHAI KODARVI | નાપાસ |

અ.નં.૧ ઉપરના ઉમેદવાર પાસ જાહેર થાય છે, જયારે અ.નં.૨ ઉપરના ઉમેદવાર શારીરીક માપ કસોટીમાં નાપાસ જાહેર થયેલ છે.

(G) નીચે મુજબના બે ઉમેદવારોને લોકરક્ષક કેડરના પરિણામ જાહેર થયા બાદ પો.સ.ઇ. ભરતી બોર્ડ દ્વારા લાયક ઠરાવતાં અને બન્ને ઉમેદવારો લોકરક્ષક કેડરના પણ ઉમેદવાર હોવાથી પો.સ.ઇ. કેડરના પાસ પરિણામ મુજબ લોકરક્ષક કેડરમાં પણ તેઓને પાસ જાહેર કરવામાં આવે છે.

| અ.નં. | કન્ફર્મેશન નંબર | નામ |
|---|---|---|
| ૧ | 70765973 | ROHIT RAMESHBHAI MAKAVANA |
| ૨ | 25940273 | JAYESHKUMAR HARJIBHAI KATAKIYA |

(H) જે ઉમેદવારોના પોતાના કોલલેટરમાં PET PASS, PST PASS કે LRD PASSના સિક્કા મારેલ છે અને જાહેર કરેલ પરિણામમાં નામ ન હોવા અંગે અરજીઓ કરેલ હતી તેવા નીચે મુજબના ૧૩ ઉમેદવારોના એનેક્ષર-૬ની ચકાસણી કરતાં, શારીરીક માપ કસોટીમાં નાપાસ જાહેર થયેલ હતા. પરંતુ, પોતાના નાપાસ પરિણામથી અજાણ હોવાથી ગ્રાઉન્ડ ઉપર ઉપલબ્ધ અપીલની તક મેળવેલ નથી. જેથી તા.૦૮.૦૩.૨૦૨૨ના રોજ SRPF ગૃપ-૧૨, ગાંધીનગર ખાતે તેઓને પૂનઃ માપણી માટે બોલાવવામાં આવેલ.

| અ.નં. | કન્ફર્મેશન નંબર | નામ | પૂનઃ માપણી બાદ જાહેર થયેલ પરિણામ |
|---|---|---|---|
| 1 | 67183515 | Mr. MAHESH MANUBHAI JOLIYA | નાપાસ |
| 2 | 57190373 | Ms. PUSHPA DINESHBHAI HANDA | ગેરહાજર |
| 3 | 41578250 | Mr. NAVGHANBHAI MATRABHAI SARADIYA | પાસ |
| 4 | 56403879 | Ms. JAGRUTIBEN RAJUBHAI SOLANKI | નાપાસ |
| 5 | 29655608 | Ms. PINKALBEN DHULABHAI MAHERA | નાપાસ |

| અ.નં. | કન્ફર્મેશન નંબર | નામ | પૂનઃ માપણી બાદ જાહેર થયેલ પરિણામ |
|---|---|---|---|
| 6 | 51756441 | Mr. ABHIRAJSINH GAJENDRASINH JADEJA | નાપાસ |
| 7 | 92170740 | Mr. ARAJANBHA HEBHABHA MANEK | નાપાસ |
| 8 | 42699497 | Ms. PARUL RUPSANGBHAI JAMOD | પાસ |
| 9 | 37894004 | Ms. PRITIBEN DHIRENDRASINH PARMAR | પાસ |
| 10 | 48045298 | Mrs. LALITABEN RAMBHAI CHARANIYA | પાસ |
| 11 | 95517907 | Ms. NAYANABEN POPATBHAI MAKAVANA | નાપાસ |
| 12 | 74396864 | ROHITSINH KANAKSINH ZALA | નાપાસ |
| 13 | 27058672 | Mr. RAVIRAJBHAI BHUPATBHAI MOBH | ગેરહાજર |

અ.નં.૨ અને ૧૩ ગેરહાજર રહેલ છે તેમજ અ.નં.૧,૪,૫,૬,૭,૧૧ અને ૧૨ મુજબના ઉમેદવારો નાપાસ જાહેર થયેલ છે જયારે અ.નં.૩,૮,૯ અને ૧૦ મુજબના ઉમેદવારો પૂનઃ માપ કસોટીમાં પાસ જાહેર થયેલ છે.

(I) મેડીકલ કારણોસર જે ઉમેદવારો પો.સ.ઇ. કેડરમાં કસોટી આપવા સક્ષમ નહોતા અને પો.સ.ઇ. કેડરની ઉમેદવારી રદ્દ કરી, લોકરક્ષકમાં શારીરીક કસોટી માન્ય કરેલ હોય તેવા ઉમેદવારો પૈકી વિજયકુમાર ઇશ્વરલાલ મકવાણા કન્ફ.નં.૮૪૮૬૫૭૪૧ નાઓ લોકરક્ષકમાં પાસ હોવા છતાં ટેકનીકલ કારણોસર લોકરક્ષક પરિણામમાં સમાવેશ થયેલ નથી. જેથી હવે તેઓને પાસ જાહેર કરવામાં આવે છે.

ઉપરોકત તમામ વિગતોમાં જે ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે તે તમામ ઉમેદવારો લોકરક્ષક કેડરની ભરતીનાં હવે પછીના તબક્કામાં ભાગ લઇ શકશે.

---

**:: તા.૨૨/૦૨/૨૦૨૨ ::**

તા.૨૧/૦૨/૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ લોકરક્ષકના પરિણામમાં દર્શાવવામાં આવેલ કેટેગીરી અંગે અત્રે વાંધા/રજૂઆત મળતા, તા.૨૧/૦૨/૨૦૨૨ સુધીમાં મર્જ કરવામાં આવેલ ડેટાની ચકાસણી કરતા કુલ-૧૮૩૬ ઉમેદવારોની કેટેગીરીમાં ફેરફાર જણાય આવેલ છે તેની આખરી યાદી આ સાથે મૂકવામાં આવે છે.

જાહેર કરેલ પરિણામમાં તમામ પાસ થયેલ ઉમેદવારોએ આ આખરી કેટેગીરીની ચકાસણી કરી, જો કોઇ વાંધા/રજૂઆત હોય તો તેવા ઉમેદવારોએ તા.૦૨/૦૩/૨૦૨૨ સુધીમાં લોકરક્ષક ભરતી બોર્ડ ખાતે અરજી મોકલી આપવાની રહેશે. અરજીનો નમૂનો જોવા માટે અહીં કલીક કરો.... (/Downloads/ApplicationFormat_2302202_1.pdf)

આખરી કેટેગીરી મુજબનાં જરુરી પુરાવા દસ્તાવેજ ચકાસણી વખતે રજૂ કરવાના રહેશે. જો રજૂ કરવામાં નહિ આવે તો નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. ૧૮૩૬ ઉમેદવારોની યાદી જોવા માટે અહીં કલીક કરો....

(/Downloads/CategoryUpdateDt_22022022.pdf)

---

**:: તા.૨૧/૦૨/૨૦૨૨ ::**

(૧) તા.૦૩/૧૨/૨૦૨૧ થી ગુજરાત રાજયના ૧૫ (પંદર) કેન્દ્રો ઉપર લોકરક્ષક સંવર્ગની શારીરીક કસોટીનું આયોજન કરવામાં આવેલ,જે શારીરીક કસોટી પૂર્ણ થતા આ કસોટીમાં લોકરક્ષક સંવર્ગમાં શારીરીક કસોટીમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોની વિગત, તેમજ ઉતીર્ણ થયેલ ઉમેદવારોને શારીરીક કસોટીમાં મળેલ ગુણની વિગત જોવા માટે અહીં કલીક કરો....

(/Downloads/LRD_QUALIFIED_DATA_18022022.pdf)

(૨) જો કોઇ ઉમેદવારને શારીરીક કસોટીના પરિણામની વિગતો અંગે કોઇ વાંધો કે રજુઆત હોય તો અરજી સાથે કોલલેટરની નકલ સામેલ રાખી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધીમાં લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરિતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર - ૩૮૨૦૦૭ ખાતે રજી.પો.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ અથવા કુરીયરથી મોકલી આપવાની રહેશે (કોવીડ-૧૯ ના કારણે રૂબરૂમાં અરજી સ્વીકારવામાં આવશે નહીં) જણાવેલ તારીખ બાદ મળેલ અરજી ગ્રાહય રાખવામાં આવશે નહિં.

(૩) પુરૂષ ઉમેદવારોને પાસ થવા માટે ૫૦૦૦ મીટરની દોડ ૨૫ મિનીટમાં, મહિલા ઉમેદવારોને પાસ થવા માટે ૧૬૦૦ મીટરની દોડ ૯ મિનીટ ૩૦ સેકન્ડમાં અને Ex-Servicemanને પાસ થવા માટે ૨૪૦૦ મીટરની દોડ ૧૨ મિનીટ ૩૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની હોય છે.

(૪) શારીરીક કસોટી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોઇ ઉતીર્ણ થયેલ ઉમેદવારોની નિયમ મુજબ લેખિત પરિક્ષા લેવાની થાય છે. આ લેખિત પરિક્ષા ૧૦/૦૪/૨૦૨૨ ના રોજ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. પરીક્ષાને લગતી વિગતવારની સૂચનાઓ હવે પછી લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. જેથી ઉમેદવારોએ લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપરની સૂચનાઓ નિયમિત રીતે જોતી રહેવી.

---

(એ) પો.સ.ઇ./લોકરક્ષક કેડર શારીરીક કસોટીના એક કરતા વધુ કોલલેટર ને મર્જ કરવા માટે તા.૨૧/૦૨/૨૦૨૨ સુધી જે અરજીઓ મળેલ છે તે પૈકી માન્ય થયેલ અરજીઓ મુજબ પો.સ.ઇ.ના કન્ફર્મેશન નંબર સાથે લોકરક્ષકના કન્ફર્મેશન નંબરને મર્જ કરવામાં આવેલ છે. જેની માહિતી જોવા માટે અહીં કલીક કરો.... (/Downloads/Merge_Data_for_Website_Dt_21022022.pdf)

(બી) પો.સ.ઇ. કેડરની શારીરીક કસોટી પાસ કરેલ હોય, લોકરક્ષક કેડરનો પણ કોલલેટર ધરાવતા હોય અને ઉપરોકત મર્જ લીસ્ટમાં નામ ના હોય તો કોલલેટર મર્જ કરવા અંગેની અરજી તા. ૨૮/૦૨/૨૦૨૨ સુધીમાં લોકરક્ષક ભરતી બોર્ડને મળે તે રીતે મોકલી આપવી. જણાવેલ તારીખ બાદ મળેલ અરજી ગ્રાહય રાખવામાં આવશે નહિં.

---

**:: તા.૧૯/૦૨/૨૦૨૨ ::**

(૧) પો.સ.ઇ. અને લોકરક્ષક બન્ને માટે ઉમેદવારી કરેલ હોય અને બન્ને અરજીમાં એક સરખી માહિતી ભરેલ હોય તેવા ૨,૬૨,૩૪૭ ઉમેદવારોના પો.સ.ઇ. અને લોકરક્ષકના કોલલેટર મર્જ કરવામાં આવેલ અને આવા ઉમેદવારોના પો.સ.ઇ.ના કોલલેટરમાં લોકરક્ષકનો કન્ફર્મેશન દર્શાવવામાં આવેલ છે અને આવા ઉમેદવારોએ હવે ભરતી બોર્ડ ખાતે કોલલેટર મર્જ કરવા અંગે કોઇ અરજી આપવાની જરૂર નથી.

(૨) જે ઉમેદવારોને પો.સ.ઇ. અને લોકરક્ષકના અલગ-અલગ કોલલેટર મળેલ હોય અને મર્જ કરાવવા અંગેની અરજી આપેલ ના હોય તેવા પો.સ.ઇ. કેડરની કસોટી પાસ કરેલ ઉમેદવારોએ પો.સ.ઇ. અને લોકરક્ષકના કોલલેટર મર્જ કરવા અંગેની અરજી લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી, બંગલા નં.ગ-૧૨, સરિતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર-૩૮૨૦૦૭ ખાતે તા.૨૬/૦૨/૨૦૨૨ સુધીમાં મળી જાય તે રીતે મોકલી

આપવાની રહેશે. તા.૨૬/૦૨/૨૦૨૨ બાદ મળેલ અરજીઓ માન્ય રાખવામાં આવશે નહિ. અરજીનો નમૂનો જોવા માટે અહીં કલીક કરો.... (/Downloads/Merge_Application_Dt_18022022.pdf)

---

**:: તા.૦૪/૦૨/૨૦૨૨ ::**

લોકરક્ષક કેડરની શારીરીક કસોટીમાં ઉતિર્ણ થનાર તમામ ઉમેદવારોની લેખિત પરીક્ષાનું આયોજન તા.૧૦/૦૪/૨૦૨૨ (રવિવાર) ના રોજ કરવામાં આવનાર છે. પરીક્ષાને લગતી વિગતવારની સૂચનાઓ હવે પછી લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. ઉમેદવારોએ લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપરની સૂચનાઓ નિયમિત રીતે જોતી રહેવી.

---

**:: તા.૨૮/૦૧/૨૦૨૨ ::**

લોકરક્ષક કેડર શારીરીક કસોટીની તારીખ બદલવા અંગે તા.૨૮/૦૧/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીઓની માહિતી જોવા માટે અહીં કલીક કરો.... (/Downloads/LRD_DateChange_Website_Dt_28012022.pdf)

લોકરક્ષક કેડર શારીરીક કસોટી GENDER બદલવા અંગે તા.૨૮/૦૧/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીઓની માહિતી જોવા માટે અહિં કલીક કરો....... (/Downloads/GenderChange_Male_Female_LRD_Dt_28012022.pdf)

---

**:: તા.૨૦/૦૧/૨૦૨૨ ::**

પો.સ.ઇ./લોકરક્ષક કેડર શારીરીક કસોટીના એક કરતા વધુ કોલલેટર ને મર્જ કરવા માટે તા.૨૦/૦૧/૨૦૨૨ સુધી જે અરજીઓ મળેલ છે તે પૈકી માન્ય થયેલ અરજીઓ મુજબ પો.સ.ઇ.ના કન્ફર્મેશન નંબર સાથે લોકરક્ષકના કન્ફર્મેશન નંબરને મર્જ કરવામાં આવેલ છે. જેની માહિતી જોવા માટે અહીં કલીક કરો.... (/Downloads/Confirmation_PSI_LRD_Murge_Dt_20012022.pdf)

---

**:: તા.૧૧/૦૧/૨૦૨૨ ::**

શારીરિક કસોટીના આગળના દિવસે કોરોના પોઝિટિવ થયેલ ઉમેદવાર રૂબરૂ કે ટપાલથી પોતાની અરજી બોર્ડને મોકલી શકે તેમ ન હોય તો પ્રથમ જાણકારી માટે ભરતી બોર્ડની હેલ્પ લાઇન નંબરઃ 9104654216, 8401154217 અને 7041454218 પર સંપર્ક કરી જાણ કરી ત્યારબાદ ઉમેદવારે ભરતી બોર્ડ ખાતે કેસ પેપરની નકલ તથા RTPCR ની નકલ સાથે મોકલવાની રહેશે. ઉમેદવાર ધ્વારા RTPCRનો નેગેટીવ રિપોર્ટ બોર્ડને રજુ કર્યેથી ઉમેદવારને બીજી તારીખ આપવામાં આવશે. (ઉમેદવારને શારીરીક કસોટીની છેલ્લી તારીખ સુધી તારીખ બદલી આપવામાં આવશે.) કસોટીની છેલ્લી તારીખ સુધી જો ઉમેદવારનો નેગેટીવ રિપોર્ટ ન આવે તો શારીરીક કસોટીની તક મળશે નહીં. ઉમેદવાર RTPCR રિપોર્ટ રજુ નહીં કરે તો ઉમેદવારને કસોટી માટે બીજી તારીખ આપવામાં આવશે નહીં.

આ ઉપરાંત જે ઉમેદવારને લોકરક્ષક કેડરની શારીરીક કસોટીમાં ભાગ લેવાના હોય, તેઓના પરિવારમાં કોઇ વ્યકિત કોરાના પોઝીટીવ આવેલ હોય અને કોવીડ-૧૯ની ગાઇડલાઇન મુજબ જો ઉમેદવારને કવોરોન્ટાઇન કરવામાં આવેલ હોય તો આવા ઉમેદવારને પરિવારમાં જે વ્યકિતનો કોરોના પોઝીટીવ રિપોર્ટ આવેલ છે તેનો RTPCR રિપોર્ટ સાથે ઉપર જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

---

**:: તા.૦૮/૦૧/૨૦૨૨ ::**

કોવીડ-૧૯ સંદર્ભે ગાઇડ લાઇન મુજબ રાજયમાં અમુક શહેર/જીલ્લા ખાતે રાત્રીના કલાકઃ ૧૦ વાગ્યા થી સવારના કલાકઃ ૦૬ વાગ્યા સુધી કરફ્યુ રાખવામાં આવેલ છે. ઉમેદવારોને અને તેમની સાથે આવનાર વાલીઓને કરફ્યુના સમય દરમ્યાન અવર-જવર માટે કોઇ તકલીફ ન પડે તે હેતુથી ઉમેદવારને ઇશ્યુ કરવામાં આવેલ કોલલેટરને ધ્યાને લઇ કરફ્યુમાં છુટછાટ આપવા દરેક શહેર/જીલ્લાને જણાવવામાં આવેલ છે..

---

**:: તા.૦૬/૦૧/૨૦૨૨ ::**

(૧) વાઇબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ મોકુફ રહેતા SRPF ગ્રુપ-૧૨, ગાંધીનગર ખાતે તા.૧૦/૦૧/૨૦૨૨, તા.૧૧/૦૧/૨૦૨૨ અને તા.૧૨/૦૧/૨૦૨૨ ની પાછળ લઈ જવામાં આવેલ શારીરીક કસોટી હવે મૂળ તારીખોએ જ લેવામાં આવશે જેથી હવે આ તારીખોના ઉમેદવારોએ કોલ લેટરમાં જણાવેલ તારીખ અને સમયે કસોટી માટે હાજર રહેવાનું રહેશે

(૨) વાઇબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ મોકૂફ રહેતા SRPF ગ્રુપ-૧૧, વાવ (સુરત) ખાતે તા.૦૮/૦૧/૨૦૨૨, તા.૧૦/૦૧/૨૦૨૨, તા.૧૧/૦૧/૨૦૨૨ અને તા.૧૨/૦૧/૨૦૨૨ ની પાછળ લઈ જવામાં આવેલ શારીરિક કસોટી હવે મૂળ તારીખોએ જ લેવામાં આવશે જેથી હવે આ તારીખોના ઉમેદવારોએ કોલ લેટરની તારીખ અને સમયે કસોટી માટે હાજર રહેવાનું રહેશે
તા.૦૫/૦૧/૨૦૨૨, તા.૦૬/૦૧/૨૦૨૨ અને તા.૦૭/૦૧/૨૦૨૨ ના રોજ SRPF ગ્રુપ-૧૧, વાવ (સુરત)ના મેદાન ખાતેની મોકુફ રાખવામાં આવેલ શારીરીક કસોટી અનુક્રમે તા.૨૫/૦૧/૨૦૨૨, તા.૨૭/૦૧/૨૦૨૨ અને તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ લેવામાં આવશે. આ ઉમેદવારોએ અગાઉ ઇશ્યુ થયેલ કોલ લેટર સાથે, કોલલેટરમાં જણાવેલ તારીખ અને સમયે કસોટી માટે હાજર રહેવાનું રહેશે.

(૩) વાઇબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ મોકૂફ રહેતા પોલીસ તાલીમ મહાવિધાલય, જુનાગઢ ખાતે તા.૦૮/૦૧/૨૦૨૨, તા.૧૦/૦૧/૨૦૨૨, તા.૧૧/૦૧/૨૦૨૨, તા.૧૨/૦૧/૨૦૨૨ અને તા.૧૩/૦૧/૨૦૨૨ ની પાછળ લઈ જવામાં આવેલ શારીરિક કસોટી હવે મૂળ તારીખોએ જ લેવામાં આવશે જેથી હવે આ તારીખોના ઉમેદવારોએ કોલ લેટરની તારીખ અને સમયે કસોટી માટે હાજર રહેવાનું રહેશે
તા.૦૬/૦૧/૨૦૨૨ અને તા.૦૭/૦૧/૨૦૨૨ ના રોજ પોલીસ તાલીમ મહાવિધાલય, જુનાગઢના મેદાન ખાતેની મોકુફ રાખવામાં આવેલ શારીરીક કસોટી અનુક્રમે તારીખ તા.૨૪/૦૧/૨૦૨૨ અને તા.૨૫/૦૧/૨૦૨૨ ના રોજ લેવામાં આવશે. આ ઉમેદવારોએ અગાઉ ઇશ્યુ થયેલ કોલ લેટર સાથે, કોલલેટરમાં જણાવેલ તારીખ અને સમયે કસોટી માટે હાજર રહેવાનું રહેશે.

નોંધઃ જે ઉમેદવારોએ ઉપરોકત તારીખો પૈકી તારીખ બદલવા માટે ભરતી બોર્ડ ખાતે રજુઆત કરેલ હોઇ અને ભરતી બોર્ડ તરફથી નવી તારીખ ફાળવવામાં આવેલ હોય તો આવા ઉમેદવારોએ ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર ફાળવવામાં આવેલ તારીખે જ હાજર રહેવાનું રહેશે.

લોકરક્ષક કેડરની શારીરીક કસોટી દરમ્યાન જો કોઇ ઉમેદવાર Covid-19 પોઝીટીવ આવે તો આવા ઉમેદવારોએ પોતાની શારીરીક કસોટીની તારીખ પહેલા ભરતી બોર્ડ ખાતે કેસ પેપરની નકલ તથા RTPCR ની નકલ સાથે જાણ કરવાની રહેશે. ઉમેદવાર ધ્વારા RTPCRનો નેગેટીવ રિપોર્ટ બોર્ડને રજુ કર્યેથી ઉમેદવારને બીજી તારીખ આપવામાં આવશે. (ઉમેદવારને શારીરીક કસોટીની છેલ્લી તારીખ સુધી તારીખ બદલી આપવામાં આવશે. શારીરીક કસોટીની છેલ્લી તારીખ નીચે મુજબ છે.) કસોટીની છેલ્લી તારીખ સુધી જો ઉમેદવારનો નેગેટીવ રિપોર્ટ ન આવે તો શારીરીક કસોટીની તક મળશે નહીં.

---

| ગ્રાઉન્ડનું નામ | શારીરીક કસોટીની છેલ્લી તારીખ |
|---|---|
| SRPF Group-12, Gandhinagar | તા.૨૯/૦૧/૨૦૨૨ |
| Mehsana | તા.૨૪/૦૧/૨૦૨૨ |
| Sabarkantha | તા.૨૪/૦૧/૨૦૨૨ |
| SRPF Group-7, Nadiad | તા.૨૪/૦૧/૨૦૨૨ |
| Kheda-Nadiad | તા.૨૪/૦૧/૨૦૨૨ |
| SRPF Group-5, Godhra | તા.૨૪/૦૧/૨૦૨૨ |
| Bharuch | તા.૨૮/૦૧/૨૦૨૨ |
| SRPF Group-11, Vav | તા.૨૮/૦૧/૨૦૨૨ |
| Surendranagar | તા.૨૪/૦૧/૨૦૨૨ |
| Rajkot City | તા.૨૯/૦૧/૨૦૨૨ |
| PTC Junagadh | તા.૨૫/૦૧/૨૦૨૨ |
| SRPF Group-8, Gondal | તા.૨૨/૦૧/૨૦૨૨ |
| Amreli | તા.૨૨/૦૧/૨૦૨૨ |
| Patan | તા.૨૨/૦૧/૨૦૨૨ |
| Banaskantha | તા.૨૪/૦૧/૨૦૨૨ |

નોંધઃ આ અંગે ઉમેદવાર ભરતી બોર્ડના હેલ્પ લાઇન નંબરઃ (૧) ૯૧૦૪૬૫૪૧૬ (૨) ૮૪૦૧૧૫૪૨૧૭ (૩) ૭૦૪૧૪૫૪૨૧૮ ઉપર સવાર કલાકઃ ૧૦.૩૦ થી સાંજના કલાકઃ ૦૬.૦૦ વાગ્યા સુધી (રવિવાર સિવાય) સંપર્ક કરી શકે છે.

---

**:: ફરીવારની સૂચનાઃ તા.૨૫/૧૨/૨૦૨૧ ::**

લોકરક્ષક કેડર માટે ઓનલાઇન અરજી કરતી વખતે જે ઉમેદવારોએ ભુલથી Male ના બદલે Female અને Female ના બદલે Male ભરેલ છે તેવા ઉમેદવારો પોતાની માહિતી ભરતી બોર્ડના હેલ્પ લાઇન નંબર ઉપર પણ જણાવી શકે છે અથવા લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી, બંગલા નં.ગ-૧૨, સરિતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર-૩૮૨૦૦૭ ખાતે અરજી પણ કરી શકે છે. ભરતી બોર્ડને મોકલવાની અરજીનો નમૂનો જોવા માટે અહિં કલીક કરો....... (/Downloads/Gender Change.pdf)

---

**:: તા.૨૩/૧૨/૨૦૨૧ ::**

**<u>લોકરક્ષક કેડરની શારીરીક કસોટીની તારીખ બદલવા અંગે ખાસ સુચનાઓઃતા.૨૧-૧૨-૨૦૨૧</u>**

જે કોઇ ઉમેદવારોને નીચે જણાવેલ કારણોસર શારીરીક કસોટીની તારીખ બદલવાની જરૂરીયાત ઉભી થઇ હોય તો તેઓએ અરજી સાથે કોલલેટરની ઝેરોક્ષ અને જે કારણથી તારીખ બદલવા માંગતા હોય તે અંગેના પુરાવા સાથે લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરીતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર પીન કોડ-૩૮૨૦૦૭ ખાતે શારીરીક કસોટીની તારીખ હોય તેના ત્રણ દિવસ પહેલા

મળે તે રીતે અરજી કરવાની રહેશે. ઉમેદવારની અરજી મળ્યા બાદ તારીખ બદલવા અંગેની વિગતો લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવશે. જેમાં તારીખ બદલવામાં આવેલ ઉમેદવારે જુનો કોલલેટર લઇને જણાવેલ તારીખ/સમયે અને સ્થળે હાજર રહેવાનું રહેશે તથા જેની અરજી માન્ય કરવામાં આવેલ ન હોય અને બીજી કોઇ તારીખ આપવામાં આવેલ ન હોય તેવા ઉમેદવારોએ મુળ કોલલેટરમાં જણાવેલ તારીખ/સ્થળે શારીરીક કસોટી આપવાની રહેશે. નીચે જણાવેલ કારણો સિવાય અન્ય કોઇ કારણસોર ઉમેદવારની તારીખ બદલવામાં આવશે નહીં.

(૧) ઉમેદવારના પોતાના લગ્ન અથવા પોતાના સગા ભાઇ/બહેનના લગ્ન હોય તો

(૨) ઉમેદવારને અન્ય કોઇ પરીક્ષા જેવી કે સરકારશ્રીની ભરતી તથા કોલેજની પરિક્ષાના કિસ્સામાં (પરિક્ષા શરૂ થવાના આગળના દિવસે, પરિક્ષાનો દિવસ/દિવસો અને પરિક્ષા પુરી થવાના પછીના દિવસે શારીરીક કસોટી હોય તો)

(૩) ઉમેદવારના માતા/પિતા/ભાઇ/બહેન/દાદા/દાદી/પત્ની/પુત્ર/પુત્રીનું અવસાન થયેલ હોય અથવા ઉમેદવારને અકસ્માત થયેલ હોય તો તેવા કિસ્સામાં શારીરીક કસોટીના આગલા દિવસે અથવા તે જ દિવસે અથવા શારીરીક કસોટીના બીજા દિવસે મળેલ અરજી પણ ધ્યાને લેવામાં આવશે.

---

**:: તા.૦૬/૧૨/૨૦૨૧ ::**

અગાઉ જોડીયા નામ હોવાના કારણે રદ્દ કરવામાં આવેલ ઉમેદવારોની મળેલ રજુઆત અંગે ચકાસણી કરતા જે ઉમેદવારોને અગાઉ રદ્દ કરવામાં આવેલ હતા તેવા ઉમેદવારોને હવે માન્ય ગણવામાં આવેલ છે અને હવે OJAS વેબસાઇટ ઉપરથી પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી શકશે. જેની વિગત જોવા માટે અહિં કલીક કરો....... (/Downloads/for_Website_Reject2OK.pdf)

---

**:: તા.૦૬/૧૨/૨૦૨૧ ::**

(૧) તારીખ ૩ અને ૪ ડિસેમ્બરના રોજ જે મેદાનો ઉપર વરસાદને કારણે શારીરિક કસોટી મોકૂફ રાખવામાં આવેલ તે કસોટી હવે બંન્ને દિવસના ઉમેદવારો માટે એકી સાથે તારીખ 12 ડિસેમ્બર (રવિવાર) નારોજ એ જ મેદાન પર એ જ કોલલેટર ઉપર લેવામાં આવશે. મોકુફ રાખવામાં આવેલ કસોટીના ઉમેદવારોએ અગાઉ ઇશ્યુ થયેલ કોલ લેટર સાથે, કોલલેટરમાં જણાવેલ સમયે કસોટી માટે હાજર રહેવું.

(૨) વધુમાં SRPF ગ્રુપ-૧૧, વાવ ખાતે તા.૦૬/૧૨/૨૦૨૧ નારોજ શારીરિક કસોટી મોકૂફ રાખવામાં આવેલ તે કસોટી હવે તા.૨૬/૧૨/૨૦૨૧ (રવિવાર) નારોજ એ જ મેદાન પર એ જ કોલલેટર ઉપર લેવામાં આવશે. મોકુફ રાખવામાં આવેલ કસોટીના ઉમેદવારોએ અગાઉ ઇશ્યુ થયેલ કોલ લેટર સાથે, કોલલેટરમાં જણાવેલ સમયે કસોટી માટે હાજર રહેવું.

---

**:: તા.૦૫/૧૨/૨૦૨૧ ::**

કમોસમી વરસાદના પછી વાદળછાયા વાતાવરણને કારણે મેદાન દોડવા યોગ્ય ન હોવાથી આવતીકાલ તા.૦૬/૧૨/૨૦૨૧ ના રોજ SRPF ગૃપ-૧૧, વાવ-સુરત ખાતે પોલીસ ભરતીની શારિરીક કસોટી મોકુફ રાખવામાં આવેલ છે. ઉમેદવારોને શારિરીક કસોટીની નવી તારીખ હવે પછી જણાવવામાં આવશે. રાજયમાં અન્ય ૧૪ જગ્યાએ શારીરી કસોટી લેવામાં આવશે.

---

**:: કમોસમી વરસાદ અંગે અગત્યની સૂચનાઃ તા.૦૨/૧૨/૨૦૨૧ ::**

કમોસમી વરસાદના કારણે SRPF ગ્રુપ-૫, ગોધરા મેદાન ખાતે પો.સ.ઇ. / લોકરક્ષકની તા.૦૩/૧૨/૨૦૨૧ ના રોજ લેવાનાર શારિરીક કસોટી મોકુફ રાખવામાં આવેલ છે. ઉમેદવારોને શારિરીક કસોટીની નવી તારીખ હવે પછી જણાવવામાં આવશે.

---

કમોસમી વરસાદના કારણે પોલીસ હેડ કવાર્ટર, ભરૂચ, ખેડા, સુરેન્દ્રનગર, અમરેલી તથા SRPF ગ્રુપ-૧૧ વાવ-સુરત અને SRPF ગ્રુપ-૭, નડિયાદ એમ કુલ ૬ મેદાનો ખાતે પો.સ.ઇ. / લોકરક્ષકની તા.૦૩/૧૨/૨૦૨૧ અને તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ લેવાનાર શારિરીક કસોટી મોકુફ રાખવામાં આવેલ છે. ઉમેદવારોને શારિરીક કસોટીની નવી તારીખ હવે પછી જણાવવામાં આવશે.

**પો.સ.ઇ./લોકરક્ષકની સંયુક્ત કસોટી અંગેની જાહેરાતઃ તા.૦૨/૧૨/૨૦૨૧**

**(/Downloads/NewsPaperAdvertisementDt_01122021.pdf)**

---

**એક કરતા વધુ મળેલ કોલલેટર અંગે ભરતી બોર્ડને કરવાની અરજીનો નમૂનો (/Downloads/Application Format.pdf)**

**કોલલેટર ડાઉનલોડ થતો નથી તે અંગે ભરતી બોર્ડને કરવાની અરજીનો નમૂનો (/Downloads/Call Letter not dowload.pdf)**

**ભુલથી Gender ખોટી ભરાયેલ છે તે માટે ભરતી બોર્ડને જાણ કરવાની અરજીનો નમૂનો (/Downloads/Gender Change.pdf)**

---

**:: અગત્યની સૂચના તા.૨૯/૧૧/૨૦૨૧ :: (/Downloads/Instruction_DT_29112021.pdf)**

એવુ ધ્યાન પર આવેલ છે કે, ઉમેદવારો જુદી જુદી બાબતે અરજી કરવા સારૂ લોકરક્ષક ભરતી બોર્ડની કચેરીએ રૂબરૂ આવે છે. જે ઉમેદવાર શારીરિક કસોટીની તારીખ બદલવા માંગતા હોય તો તે કિસ્સામાં અરજી (જરૂરી દસ્તાવેજો સાથે) ભરતી બોર્ડની કચેરીએ રૂબરૂ આપવાની રહેશે. આ સિવાય અન્ય કોઇપણ બાબત માટેની અરજી ટપાલથી જ મોકલવાની રહેશે.

જે કિસ્સામાં ભરતી બોર્ડની વેબસાઇટ https://lrdgujarat2021.in (https://lrdgujarat2021.in) પર અરજી માટેના નમૂના આપવામાં આવેલ છે, તે કિસ્સામાં અરજી તે નમૂનામાં કરવાની રહેશે. અન્ય કિસસામાં કોરા કાગળમાં અરજી કરવાની રહેશે.

તમામ સૂચનાઓ બોર્ડની વેબસાઇટ ઉપર મુકવામાં આવશે. ઉમેદવારોએ વેબસાઇટ જોતા રહેવુ. માત્ર નીચેના કારણોસર તારીખ બદલવા માટે ઉમેદવારો અરજી કરી શકે છે, તે અરજી બોર્ડની કચેરીએ રૂબરૂ આપવાની રહેશે.

(૧) ઉમેદવારના પોતાના લગ્ન અથવા પોતાના સગા ભાઇ/બહેનના લગ્ન હોય તો
(૨) ઉમેદવારને અન્ય કોઇ પરીક્ષા જેવી કે, સરકારશ્રીની ભરતી તથા કોલેજની પરીક્ષાના કિસ્સામાં (પરીક્ષા શરૂ થવાના આગળના દિવસે, પરીક્ષાનો દિવસ/દિવસો અને પરીક્ષા પુરી થવાના પછીના દિવસે શારીરીક કસોટી હોય તો)
(૩) ઉમેદવારના માતા / પિતા / ભાઇ / બહેન / દાદા / દાદી / પત્ની / પુત્ર / પુત્રીનું અવસાન થયેલ હોય તો
શારીરિક કસોટીના ઓછામાં ઓછા ૩ (ત્રણ) દિવસ પહેલા બોર્ડની કચેરીએ તારીખ બદલવા માટે રૂબરૂ મળેલ અરજી જ ધ્યાને લેવામાં આવશે

---

**:: અગત્યની સૂચના તા.૨૭/૧૧/૨૦૨૧ :: (/Downloads/Instruction_27_11_2021.PDF)**

પો.સ.ઇ. તથા લોકરક્ષક ભરતીના કોલલેટર બાબતે ઉમેદવારો ધ્વારા થયેલ રજુઆતને ધ્યાનમાં લઇ ઉમેદવારોના માર્ગદર્શન માટે નીચે સુચનાઓ બહાર પાડવામાં આવે છે. જે ઉમેદવારોએ પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડર બંને માટે અરજી કરેલ છે જેમાં પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડરના કોલલેટર અલગ અલગ નીકળે છે તેવા ઉમેદવારોએ ફકત પો.સ.ઇ. ભરતીના કોલલેટર ઉપર જ શારીરીક કસોટી આપવાની રહેશે અને લોકરક્ષક ભરતીના કોલલેટરને રદ્દ ગણવાનો રહેશે.

જે ઉમેદવારોએ પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડર બંને માટે અરજી કરેલ છે તેવા ઉમેદવારોનાં કોલલેટરમાં પો.સ.ઇ. ઉપરાંત લોકરક્ષકનો પણ કન્ફર્મેશન નંબર દર્શાવવામાં આવેલ છે અને આવા ઉમેદવારોને તેમની દોડના સમયના આધારે પો.સ.ઇ. તથા લોકરક્ષક એમ બન્ને માટે અલગથી ગુણ આપવામાં આવશે. જો પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડર બંને માટે અરજી કરેલ હોય અને પો.સ.ઇ.ના કોલલેટરમાં લોકરક્ષકનો કન્ફર્મેશન નંબર ના હોય તો તેવા ઉમેદવારે ભરતી બોર્ડના સરનામે (બંગલા નં. ગ-૧૨, સરિતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર ખાતે) તા.૦૩/૧૨/૨૦૨૧ સુધીમાં મળે તે રીતે અરજી કરવાની રહેશે. જેથી તેના લોકરક્ષકના ગુણ આપવાના બાકી રહી ન જાય.

કોઇપણ કારણસર ઉમેદવારને એકથી વધુ કોલલેટર/કોલલેટરો મળેલ હોય તો તે પૈકી જે કોલલેટરની તારીખ પહેલા આવતી હોય તે તારીખે શારીરીક કસોટી આપવાની રહેશે અને અન્ય કોલલેટર/કોલલેટરો રદ્દ ગણવાના રહેશે. જો કોઇ ઉમેદવાર બન્ને કોલલેટર ઉપર શારીરીક કસોટી આપવાનો પ્રયત્ન કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તેને પો.સ.ઇ. તથા લોકરક્ષકની આ ભરતી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે, તેમજ ભવિષ્યમાં લેવાનાર રાજય સરકારશ્રી હસ્તકની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

જે ઉમેદવારોને પોતાના નામ, પિતા/પતિનું નામ અને અટકમાં અરજી કરતી સમયે ભુલ થયેલ છે તેવા ઉમેદવારને જે કોલલેટર મળેલ છે તે તથા ઓળખપત્રના અસલ પુરાવા સાથે રાખવાથી પરીક્ષા આપી શકે છે.

---

### શારીરીક કસોટી માટે તારીખ બદલવા અંગે સુચનાઓઃ

જે કોઇ ઉમેદવારોને નીચે જણાવેલ કારણસોર શારીરીક કસોટીની તારીખ બદલવાની જરૂરીયાત ઉભી થઇ હોય તો તેઓએ અરજી સાથે કોલલેટરની ઝેરોક્ષ અને જે કારણથી તારીખ બદલવા માંગતા હોય તે અંગેના પુરાવા સાથે પો.સ.ઇ. ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૩, સરીતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર પીન કોડ-૩૮૨૦૦૭ અને લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરીતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર પીન કોડ-૩૮૨૦૦૭ ખાતે રૂબરૂમાં અરજી કરવાની રહેશે.

**નીચે જણાવેલ કારણો સિવાય અન્ય કોઇ કારણસોર ઉમેદવારની તારીખ બદલવામાં આવશે નહીં.**

**(૧)** ઉમેદવારના પોતાના લગ્ન અથવા પોતાના સગા ભાઇ/બહેનના લગ્ન હોય તો

**(૨)** ઉમેદવારને અન્ય કોઇ પરીક્ષા જેવી કે સરકારશ્રીની ભરતી તથા કોલેજની પરિક્ષાના કિસ્સામાં (પરિક્ષા શરૂ થવાના આગળના દિવસે, પરિક્ષાનો દિવસ/દિવસો અને પરિક્ષા પુરી થવાના પછીના દિવસે શારીરીક કસોટી હોય તો)

**(3)** ઉમેદવારના માતા/પિતા/ભાઇ/બહેન/દાદા/દાદી/પત્ની/પુત્ર/પુત્રીનું અવસાન થયેલ હોય તો

**ખાસ નોંધઃ** શારીરીક કસોટીના શરૂ થવાના દિવસથી દિન-૩ પહેલા મળેલી અરજી જ ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારની અરજી મળયા બાદ તારીખ બદલવા અંગેના હુકમો ભરતી બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવશે. જેમાં તારીખ બદલવામાં આવેલ ઉમેદવારે જુનો કોલલેટર લઇને જણાવેલ તારીખ/સમયે અને સ્થળે હાજર રહેવાનું રહેશે તથા જેની અરજી માન્ય કરવામાં આવેલ ન હોય અને બીજી કોઇ તારીખ આપવામાં આવેલ ન હોય તેવા ઉમેદવારોએ મુળ કોલલેટરમાં જણાવેલ તારીખ/સ્થળે શારીરીક કસોટી આપવાની રહેશે.

---

**:: અગત્યની સૂચના તા.૨૬.૧૧.૨૦૨૧ :: (/Downloads/Call Letter PET_PST.PDF)**

લોકરક્ષકની ભરતી માટેની શારીરિક કસોટી તા.૩.૧૨.૨૦૨૧ થી શરૂ કરી તા.૨૯.૧.૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, જે માટેના કોલ લેટર https://ojas.gujarat.gov.in (https://ojas.gujarat.gov.in) વેબસાઇટ પરથી આજથી શરૂ કરી તા.૨૯.૧.૨૦૨૨ સુધીમાં ડાઉનલોડ કરી શકાશે.

જે ઉમેદવારોએ એક કરતાં વધુ અરજીઓ કરેલ છે, તે ઉમેદવારની છેલ્લી અરજી માન્ય રાખી બાકીની અરજીઓ રદ કરવામાં આવેલ છે. જે જોવા માટે **અહિં કલીક કરો.... (/Downloads/duplicate_lrd_26112021.pdf)**

જનરલ કેટેગરીના જે ઉમેદવારોએ નિયત સમયમાં ફી ભરેલ નથી, તેવા ઉમેદવારોની અરજી પણ રદ કરવામાં આવેલ છે. જે જોવા માટે **અહિં કલીક કરો.... (/Downloads/feenotpaid_lrd_26112021.pdf)**

જો ઉમેદવારને કોઇપણ કારણોસર કોલ લેટર ઇશ્યૂ થયેલ ન હોય તો લોકરક્ષક ભરતી બોર્ડના નીચેના સરનામે સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

**લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી**

**બંગલા નં.ગ-૧૨, સેકટર-૯, સરિતા ઉધાનની નજીક, ગાંધીનગર – ૩૮૨૦૦૭.**

**જુની સુચનાઓ** (Home/OldInstructionHomeGU.html)

## ભરતી જાહેર ખબર તારીખ : ૨૩/૧૦/૨૦૨૧ (/Downloads/Advt_html.html)

## Download (PDF) (/Downloads/Advertisement_23102021.pdf)

## સુધારા જાહેરાત (૨૬/૧૦/૨૦૨૧) (/Downloads/Sudhara_Jaherat_Dt_26102021.pdf)

**ભરતી અંગે વારંવાર પુછાતા પ્રશ્નો (/Downloads/All_FAQ_29102021_Update.pdf)**

**અગત્યની સૂચના (૨૯/૧૦/૨૦૨૧) (/Downloads/Instruction_29102021.pdf)**

**જાહેરાત (૩૦/૧૦/૨૦૨૧) (/Downloads/Jaherat_30102021.pdf)**

### હેલ્પ લાઇન

હેલ્પ લાઇન નંબર :

**(1) 9104654216**

**(2) 8401154217**

**(3) 7041454218**

સવારના કલાક : ૧૦.૩૦ થી સાંજના કલાક ૦૬.૦૦ સુધી

(રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય)

### અમારો સંપર્ક કરો

**લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી,**

બંગલા નં.ગ-૧૨, સેકટર-૯, સરિતા ઉધાનની નજીક, ગાંધીનગર – ૩૮૨૦૦૭

### જાહેર માહિતી અપીલ અધિકારી:

**શ્રી વાબાંગ જામીર, આઇ.પી.એસ.,**

સભ્ય લોકરક્ષક ભરતી બોર્ડ અને પોલીસ મહાનિરીક્ષક, ઇન્ટેલીજન્સ-૧, ગુ.રા., ગાંધીનગર

### જાહેર માહિતી અધિકારીઃ

**શ્રી સમીર જોશી,**

સભ્ય લોકરક્ષક ભરતી બોર્ડ અને નાયબ સચિવ, (ફરીયાદ અને નશાબંધી), ગૃહવિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.

### મદદનીશ જાહેર માહિતી અધિકારીઃ

**શ્રી હિરેન લેઉવા,**

સીનીયર કલાર્ક, લોકરક્ષક ભરતી બોર્ડ-૨૦૨૧, ગાંધીનગર.

© 2021 | By : CQ Tech